# અધ્યક્ષની કલમે...

**સુજ્ઞ સારસ્વત વાચક મિત્રો,**

સૌને નમસ્કાર. તા.13 જૂન, 2022થી શરૂ થયેલ શાળાઓના નવા શૈક્ષણિક વર્ષની સૌને શુભેચ્છાઓ પાઠવું છું. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ-એપ્રિલ, 2022માં લેવાયેલી ધો.10 તથા ધો.12ના તમામ પ્રવાહની જાહેર પરીક્ષાનું પરિણામ સમયસર પ્રસિદ્ધ કરી દેવામાં આવેલ છે. આ કામગીરી સાથે જોડાયેલ સર્વે અધિકારીશ્રીઓ, કર્મચારીઓ અને શિક્ષકમિત્રોનો આ તબક્કે આભાર વ્યક્ત કરું છું. ઊંચું પરિણામ ધરાવતી શાળાઓને ધન્યવાદ તેમજ ઉત્તીર્ણ થયેલ તમામ વિદ્યાર્થીઓને અભિનંદન સાથે તેમના શિક્ષકો તથા વાલીઓને પણ તેમની મહેનત બદલ બિરદાવું છું.

તા. 1 અને 2 જૂન, 2022 દરમિયાન મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે યોજાયેલી 'નેશનલ કૉન્ફરન્સ ઑન સ્કૂલ ઍજ્યુકેશન'માં માનનીય કેન્દ્રીય શિક્ષણમંત્રીશ્રી ધર્મેન્દ્ર પ્રધાનજીએ જણાવ્યું હતું કે શૈક્ષણિક વર્ષ 2022-23નું નવું સત્ર શરૂ થઈ રહ્યું છે ત્યારે નવી રાષ્ટ્રીય શિક્ષણનીતિનો અમલ વેગવંતો બનાવવામાં આવશે. આપણે 21મી સદીની તકો અને પડકારો માટે તૈયારી કરીએ છીએ ત્યારે આપણે આપણી શિક્ષણ અને કૌશલ્યની ઈકો સિસ્ટમને વધુ મજબૂત કરવા ટૅક્નોલોજીનો લાભ લેવો જોઈએ.'' તેમણે નવી શિક્ષણનીતિના 5+3+3+4 અભિગમ, Early Childhood Care and Education પર ભાર, શિક્ષક પ્રશિક્ષણ અને પુખ્ત શિક્ષણ, શાળાશિક્ષણ સાથે કૌશલ્યોના વિકાસનું એકીકરણ અને જે તે રાજ્યોને પોતાની માતૃભાષામાં શિક્ષણને પ્રાધાન્ય આપવા પર ભાર મૂક્યો હતો. દેશનો એકપણ બાળક શિક્ષણથી વંચિત ન રહે તે માટે, દેશભરના વિવિધ રાજ્યોમાં શિક્ષણની એકસૂત્રતા જળવાઈ રહે તે માટે પાયાના શિક્ષણને મિશનમોડ પર લાવીને શિક્ષણ આપવાના હેતુઓ સમાવિષ્ટ છે.

'નવી દિશા-નવું ફલક' રાજ્યમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થી ભાઈ-બહેનો યોગ્ય કારકિર્દી પસંદ કરી શકે તે હેતુથી શિક્ષણ વિભાગ દ્વારા 'કારકિર્દી માર્ગદર્શન' અંગેનો પ્રથમવાર સુગ્રથિત સ્વરૂપે આયોજિત સેમિનાર તા. 26-5-22ના રોજ આઠ મહાનગરપાલિકા કક્ષાએ, તા. 30-5-22ના રોજ બાકીના 25 જિલ્લા કક્ષાએ તથા તા.1-6-22 થી તા. 6-6-22 દરમિયાન 249 તાલુકા કક્ષાએ યોજવામાં આવ્યો હતો, જેમાં તજજ્ઞો દ્વારા વિદ્યાર્થીઓને કારકિર્દી અંગે ઉત્તમ માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. ઉક્ત કાર્યક્રમોની સફળતા માટે આપ સૌને હાર્દિક અભિનંદન પાઠવું છું.

વિદ્યાર્થીઓ પોતાની રસ, રૂચિ અને શૈક્ષણિક લાયકાત મુજબ કારકિર્દી પસંદ કરી શકે તે માટે માહિતીખાતા દ્વારા દર વર્ષે 'કારકિર્દી માર્ગદર્શન' વિશેષાંક પ્રસિદ્ધ કરવામાં આવે છે. જેની નકલ તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ મારફતે તમામ માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓને મોકલી આપેલ છે. આ અંકમાં રજૂ કરેલ ઉપયોગી માહિતીથી વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓ વાકેફ થાય અને તેઓને માર્ગદર્શન મળે તે અંગે જરૂરી કાર્યવાહી કરવા માટે શાળાઓના આચાર્યશ્રીઓ અને શિક્ષકોને અનુરોધ છે. ધો-10 અને ધો-12ની પરીક્ષા સફળતાપૂર્વક સંપન્ન કર્યા બાદ વિદ્યાર્થીઓ યોગ્ય કારકિર્દીની પસંદગી નક્કી કરે તે માટે હાર્દિક શુભકામના પાઠવું છું.

**એ. જે. શાહ**
**અધ્યક્ષ**

તા. 20-06-2022

# અનુક્રમણિકા


| અ.નં. | વિષય | લેખક | પાના નં. |
|---|---|---|---|
| 1. | નાપાસ ભલે થાવ, નાસીપાસ ન થતા.. | જય વસાવડા | 4 |
| 2. | કારકિર્દી... કૈસી યે પહેલી... હાયે... | ડૉ. નીરવ એન. ઠક્કર | 6 |
| 3. | પરિણામને સ્વીકારજો... | વિજય દાણી | 8 |
| 4. | મેઘાણીવંદના :<br>લોકસાહિત્યના સંપાદક અને સંશોધક શ્રી ઝવેરચંદ મેઘાણી | સંકલન | 11 |
| 5. | જીવતાં શીખવાડે એ જ સાચું શિક્ષણ | હરીશભાઈ આર. મહેશ્વરી | 13 |
| 6. | ગાંધીવિચારો : નઈતાલીમના સંદર્ભે-NEP 2020 | રસિક આર. વાળંદ | 16 |
| 7. | નવી શિક્ષણનીતિના પરિપ્રેક્ષ્યમાં સંસ્કૃત ભાષાનું શિક્ષણ | ડૉ. પૂજા આર. કેવડિયા | 19 |
| 8. | કાવ્યશિક્ષણની કૂંચી | તુષાર વ્યાસ | 21 |
| 9. | વહીવટી વિભાગ : પરિપત્રો | | 24 |

# તંત્રી સ્થાનેથી...

**સારસ્વત આચાર્ય મિત્રો, શિક્ષક ભાઈ-બહેનો,**

સૌને સાદર વંદન. શૈક્ષણિક વર્ષ 2022-23નો, જૂન માસનો આ પ્રથમ અંક આપ સૌના અભ્યાસ, વાંચન અને અવલોકન માટે પ્રસ્તુત કરતાં આનંદ અનુભવું છું. વર્ષ 2022-23ના પ્રથમ શૈક્ષણિક સત્ર પ્રારંભે રાજ્યની તમામ શાળાઓના પરિવારનું હૃદયપૂર્વક અભિવાદન કરી આ વર્ષે જે શાળાઓએ ઉત્તમ અને ઉજ્જવળ પરિણામોની પરંપરા જાળવીને જે સિધ્ધિઓ-ઉપલબ્ધિઓ પ્રાપ્ત કરી તે બદલ સૌને બિરદાવું છું.

28 માર્ચથી 12 એપ્રિલ દરમિયાન યોજાયેલ ધો-10 તથા ધો-12ના તમામ પ્રવાહની બોર્ડની જાહેર પરીક્ષાનાં પરિણામોમાં આ વર્ષે ધો-12 સાયન્સનું 72.02 ટકા, ધો-12 સામાન્ય પ્રવાહનું 86.91 ટકા તથા ધો-10નું 65.18 ટકા પરિણામ પ્રસિદ્ધ કરવામાં આવ્યું. સમગ્ર રાજ્યમાં A-1 ગ્રેડ મેળવનાર તેજસ્વી વિદ્યાર્થીઓ પૈકી ધો-12 વિજ્ઞાન પ્રવાહમાં 196, ધો-12 સામાન્ય પ્રવાહમાં 2092 તથા ધો-10માં 12090 ની સંખ્યા નોંધપાત્ર છે. ઊંચું પરિણામ મેળવતી શાળાઓ અન્ય શાળાઓને માટે પ્રેરણારૂપ અને દૃષ્ટાંતરૂપ બની તંદુરસ્ત સ્પર્ધાનું વાતાવરણ પૂરું પાડે છે. અનુત્તીર્ણ વિદ્યાર્થીઓ આગામી પૂરક પરીક્ષામાં વધુ મહેનત સાથે સફળતા મેળવે એવી શુભેચ્છા પાઠવી ઉત્તીર્ણ થયેલા તમામ વિદ્યાર્થીઓ તથા તેમના શાળાપરિવારને અત્રેથી અભિનંદન પાઠવીને બિરદાવું છું. ધો-10 અને ધો-12માં 100 ટકા પરિણામ મેળવતી શાળાઓને ખૂબ ખૂબ ધન્યવાદ. 10 ટકા કે તેથી સાવ ઓછું પરિણામ લાવતી શાળાઓએ આત્મ-મંથન કરી, ચિંતન સાથે ચિંતા સેવી પોતાની શાળાનું પરિણામ આગામી પરીક્ષામાં વધુ સારું લાવવાના પ્રયત્નો કરવાના રહેશે. ધો-11માં નિયમ મુજબ મેરિટ લિસ્ટ તૈયાર કરી પ્રવેશ કાર્યવાહી જે તે શાળાઓમાં શરૂ થઈ ગઈ હશે.

જૂન માસ એટલે પ્રથમ શૈક્ષણિક સત્રના ઉલ્લાસમય માહોલમાં પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી કાર્યક્રમ, તેજસ્વી બાળકોનું સન્માન અને અભિવાદન તથા શાળાના માસવાર તેમજ વાર્ષિક આયોજનો સાથે શાળાકીય પ્રવૃત્તિ કેલેન્ડરમાં દર્શાવેલા માસવાર અને તારીખવાર કાર્યક્રમો મુજબ અભ્યાસ સહ અભ્યાસેતર પ્રવૃત્તિઓનું પણ આયોજન. હવે જૂન માસથી આપની શાળામાં યોજાનાર પ્રવૃત્તિઓ અને કાર્યક્રમોની ટૂંકમાં વિગત તથા તેનો ફોટોગ્રાફ આ મૅગેઝિન માટે દર મહિને સમયસર મોકલવા વિનંતી. લેખકમિત્રોને પણ ગુણવત્તાસભર લેખો મોકલવા અનુરોધ કરું છું. રાજ્યની જે શાળાઓએ 5મી જૂને ‘વિશ્વ પર્યાવરણ દિન’ અને 21મી જૂને ‘વિશ્વ યોગદિન’ની ઉજવણી કરી હોય તો તેઓએ તેના ફોટોગ્રાફ્સ તથા પ્રવૃત્તિહેવાલ ટૂંકમાં આ મૅગેઝિન માટે મોકલી આપવા વિનંતી છે.

કોઈપણ દેશ કે રાજ્યની સાચી શક્તિ તેનું યુવાધન છે. ગ્લોબલ વિલેજ બની ગયેલી આ દુનિયામાં ધો-12 પછી યુવાનો માટે કરિઅરના પુષ્કળ વિકલ્પો છે. આજે પાઠ્યપુસ્તકોના જ્ઞાન ઉપરાંત સ્કિલ બેઝ્ડ ક્ષેત્રોમાં સૌ આગળ વધી રહ્યા છે ત્યારે Passion ને Profession બનાવી આપણી ભાવિ યુવા પેઢી આત્મનિર્ભર બને તે માટે જરૂરી માર્ગદર્શન પૂરું પાડવું તે સૌની ફરજ બને છે.

જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીએથી તથા આ મૅગેઝિનના માધ્યમથી રાજ્યની શાળાઓને જે પરિપત્રો સમયાંતરે મળે ત્યારે તેનો તલસ્પર્શી અભ્યાસ કરી, તેનો અમલ સત્વરે થાય, તેનું માર્ગદર્શન સૌને અપાય તેવી વિનંતી સહ આભાર.

**ડી. એસ. પટેલ**
**સચિવ/તંત્રી**

તા. 20-06-2022

# નાપાસ ભલે થાવ, નાસીપાસ ન થતા...

**જય વસાવડા**

- સામાન્ય રીતે આપણે કોઈ દર્દ, પીડા કે વેદનાને અવગણીએ, એ ન આવે એમ જ ઇચ્છીએ. પણ દર્દ કે પીડાનો એક દેખીતો ફાયદો છે. દર્દ થાય તો ખબર પડે કે અહીં કશુંક ખરાબ છે, બગડ્યું છે, બરાબર નથી. તો એમાં ઉપચાર કે સારવાર થઈ શકે. છાતીમાં દુ:ખે તો હૃદયરોગની ખબર પડે, પગમાં દુ:ખે તો આરામ કરવાનો સંકેત મળે વગેરે અનેક ઉદાહરણો આપી શકાય.

  'પેઈન ઇઝ મેસેજ ફોર ચેન્જ'. દર્દ એક સંદેશો છે કે કશુંક બદલવાની જરૂર છે. ક્યાંક કોઈક બાબત સુધારો કે સંભાળ માગે છે, સાવચેતી રાખવાની આવશ્યકતા છે. એટલે દર્દને પડકાર તરીકે સ્વીકારી લો. એનો તિરસ્કાર કરવાથી તો તકલીફ વધી જાય.
- પરીક્ષાનું પરિણામ આવે ત્યારે આ જ વાત ખાસ યાદ રાખો. નિષ્ફળતાનો સામનો કરો. એક, બે કે ત્રણવાર નિષ્ફળ ગયા તો એ કાયમી નિષ્ફળતા તો નથી જ. એક બાબતમાં તદ્દન ફેંકાઈ ગયેલી, પરાજિત કે નિષ્ફળ વ્યક્તિ બીજી કોઈ બાબતમાં ચોક્કસ સફળ કે વિજેતા નીવડી શકે છે. એક કસોટી કે પરીક્ષામાં હાર એ આખા જીવનની હાર નથી. મહેનત કરીને, ધીરજ રાખીને, ભૂલો સ્વીકારીને, નવું શીખીને પાછલી નિષ્ફળતાઓ કે પરાજયો પલટાવી શકાય છે.
- જે સફળ થયા તેમને સલામ પરંતુ જે નિષ્ફળ જાય છે એનેય બરડે શાબાશીનો ધબ્બો. પ્રયાસ કર્યો તો ખબર પડી કે ખામી ક્યાં છે ? તરત સુધારાનો કોઈ માર્ગ કે ઉકેલ જડશે જ. જો ન જડે તો સમજવું કે આપણી દિશા ખોટી છે. થોડાક પ્રયાસો બાદ આત્મખોજ કરવાની કે જો આ બાબત નથી ફાવતી તો શું ફાવે છે ? કઈ બાબતમાં કે કયા ક્ષેત્રે ઝળકી શકાય એમ છે ? પછી એમાં ધીરે ધીરે ઝુકાવી દેવાનું.
- સૌએ શિખર જોવાનું છે, પાયો નહિ. ભલે ભૂલો થાય, નાપાસ કે નિષ્ફળ થવાય, પણ નાસીપાસ ન થતા, કોરોના સમયે ભોપાલમાં માતા-પિતા ગુમાવનાર દીકરી વનિશા પાઠકે નાસીપાસ થયા વિના, ઘટનાને આગળ વધવાની પ્રેરણા તરીકે સ્વીકારી, સખત મહેનત કરી 99.8 % સાથે દસમા ધોરણની પરીક્ષા પાસ કરી બતાવી !
- શરૂઆતમાં સીધી જ સફળતા કોઈને નથી મળતી. દરેકે પોતાનો ગમતો સંઘર્ષ પસંદ કરવો પડે છે. ભાર્ગવ પટેલના જીવનના એક સંઘર્ષની વાત એ છે કે, જ્યારે એ કોઈ પરીક્ષામાં નાપાસ થયો ત્યારે તેના પિતાએ બીજી કોઈ કડાકૂટ, રાડારાડ કરવાને બદલે એટલું જ કહ્યું કે ‘‘તો પછી હવે શું કરવું છે ?’’ અને પાછળ જોવાને બદલે, નિરાશ કે હતાશ થવાને બદલે એ વિદ્યાર્થીએ આગળ જોવાનું શરૂ કર્યું. આજે એ સફળ બિઝનેસમેન, ટૅક્નોક્રેટ અને અનેક પ્રવૃત્તિમાં અગ્રેસર છે.
- કામ કરવાની નિષ્ઠા અને જવાબદારી નિભાવવાની ફરજ હશે તો પરિશ્રમ બળે તમે ધીમેધીમે પોતાની જગ્યા બનાવી, ખુદની જાત સાબિત કરતો ધંધો વિકસાવી, વિશ્વભરમાં નામના મેળવી, અનેક સેલિબ્રિટીઓનું સરનામું બની શકશો.

**જ્યારે ઋતુ અને વૃક્ષ બંને બરાબર હોય ત્યારે જ સારા ફળ પાકે છે. જ્યારે મહેનત અને નસીબ ભેગા થાય ત્યારે યોગ્ય પરિણામ મળે છે. - દુલા ભાયા કાગ**

- બધી જ મંઝિલો સીધી લીટીની જ હોય એવું નથી. તરત જ કોઈ ડ્રીમ કરિઅર બનતી નથી, એને ચેઈન્જ કરવી પડે છે, જેમાં ઘણા 'ફેઝ' આવે છે.
- સૂરજ આડે વાદળું ધોળા દિવસે આવી જાય છે. એથી એનું તેજ થોડુંક ઘટે છે, પણ મટી જતું નથી. વાદળું ટૅમ્પરરી છે, સૂર્ય પરમેનન્ટ છે. ધીરેધીરે ઇરાદો મક્કમ કરો અને કોઈપણ સ્થિતિમાં કઠોર સાધના કરવાની તૈયારી રાખો તો ક્યારેક ક્યાંકથી તકનો તિખારો કિસ્મત ચમકાવી જ દે છે.
- બહુ ગમગીન થઈ જવા જેવું લાગે તો એ વેદનાય સહન કરો. મરવાના વિચાર કદી નહિ કરવાના. યાદ રાખો કે દર્દ આપણને બદલવાનો સંકેત આપે છે. કંઈક નવું કરવા માટે, નવી સફર ખેડવા માટે. મંથનમાંથી જાતને ઘડાવા દેવાની જરૂર છે.
- જીવનની કોઈપણ કસોટી હોય, એમાં બ્રેકિંગ પૉઈન્ટ તો આવવાનો જ. સતત કોઈનાથી જીતી જ નથી શકાતું. બધું આપણા કાબૂમાં નથી હોતું. તમે હારી જાઓ, થાકી જાઓ ત્યારે જરૂર છે થોડા વિશ્રામની, ઊંડો શ્વાસ લઈ શાંત થવાની. નબળો સમય પસાર થવા દો, ફરી તાજામાજા થઈ નવેસરથી મજબૂત તૈયારી કરો. આરામના વિચાર કરો, આપઘાતના નહિ. ન ફાવે તો કામ છોડી દો પણ જીવનના આનંદને છોડશો નહિ. આઓ, 'ફિર સે દિયા જલાયે'... (સંકલન)

**(સાભાર : 'ગુજરાત સમાચાર' 'શતદલ પૂર્તિ', તા.8-6-2022 માંથી લેખના પ્રેરક અંશો)**

## ત્યાગ અને રાષ્ટ્રપ્રેમ જ સાચું શિક્ષણ

### (પ્રેરક પ્રસંગ)

પ્રસિધ્ધ સિવિલ સર્જન ડૉ. કૃષ્ણધન ઘોષ તેમના પુત્રને ઉચ્ચ શિક્ષણ આપી મોટો ઑફિસર બનાવવા ઈચ્છતા હતા. આથી 7 વર્ષની વયે ઇંગ્લેન્ડ ભણવા મોકલી દીધો અને 18 વર્ષે તેમણે સિવિલ સર્વિસની પરીક્ષા પાસ કરી લીધી. આ અભ્યાસ દરમિયાન અંગ્રેજી ઉપરાંત અનેક ભાષાઓમાં નિપુણ બની ગયા હતા. ભારતને ગુલામીમાંથી છોડાવવાનો તેમનો સંકલ્પ હોવાથી કોઈ સરકારી ઉચ્ચ હોદ્દો તેમણે સ્વીકાર્યો નહીં.

આ તરુણ યુવાન અરવિંદ ઘોષની પ્રતિભાની પરખ કરીને વડોદરાના મહારાજાએ તેમને પોતાના રાજ્યમાં શિક્ષણશાસ્ત્રી તરીકે બોલાવી લીધા. અહીં તેમણે હજારો દેશભક્ત વિદ્યાર્થીઓને તૈયાર કર્યા. મહર્ષિ અરવિંદ સ્વતંત્રતા આંદોલનમાં પણ સહયોગ આપી રહ્યા હતા. એકવાર આંદોલનકારીઓએ એક વિશ્વ વિદ્યાલય શરૂ કરી નવયુવકોને રાષ્ટ્રીયતાના ગુણો સાથે શિક્ષણ આપવાનું નક્કી કર્યું. તેના સંચાલન માટે યોગ્ય વ્યક્તિ શોધવા જાહેરાત આપવામાં આવી. તેમાં માત્ર રૂ. 75/- માસિક વેતનની જોગવાઈ હતી. પરંતુ એક અરજી આવી. વડોદરા કૉલેજના અધ્યક્ષ અરવિંદ ઘોષે સાતસો પચાસના વેતનની નોકરી છોડી રાષ્ટ્રપ્રેમથી પ્રેરાઈને માત્ર રૂા.75/- વેતનની નોકરી સ્વીકારવા તૈયારી બતાવી હતી. જે સંસ્થાના સંચાલકમાં આવો ભરપૂર ત્યાગ અને રાષ્ટ્રપ્રેમ છલકતો હોય તેના છાત્રો પણ કેવી રીતે પાછળ રહી શકે. તેમની પાસેથી શિક્ષણ મેળવેલા કેટલાય વિદ્યાર્થીઓએ ઉચ્ચ સફળતા મેળવી હતી. ખરેખર, ''ત્યાગ અને રાષ્ટ્રપ્રેમ જ સાચું શિક્ષણ છે.''

(સંકલન)

**ક્રોધને જીતવામાં મૌન જેવું બીજું કોઈ સહાયક નથી. - ગાંધીજી**

# કારકિર્દી... કૈસી યે પહેલી... હાયે...

**ડૉ. નીરવ એન. ઠક્કર**

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા આયોજિત ધો. 10ની પરીક્ષાનું પરિણામ સમયસર સૌને મળી ગયું. પાસ થયેલા સૌ વિદ્યાર્થીઓને ખૂબ ખૂબ અભિનંદન. શાળા જીવનનો એક મહત્ત્વનો પડાવ પૂરો કર્યો. ધોરણ 10 પાસ કર્યા પછી ઘણી બધી દિશાઓ ખૂલતી હોય છે.

ધોરણ 10 પછી વિજ્ઞાન પ્રવાહ, સામાન્ય પ્રવાહ, ડિપ્લોમા અભ્યાસક્રમ પૈકીના વિકલ્પોમાંથી પસંદગી કરવાની હોય છે. અત્યારે વિજ્ઞાન પ્રવાહ અને સામાન્ય પ્રવાહની વાત કરીએ.

વિજ્ઞાન પ્રવાહ પસંદ કર્યા બાદ આપ સૌ જાણો છો કે, B ગ્રુપ સાથે મૅડિકલ, પેરા-મૅડિકલ કોર્સિસ, ફાર્મસી, નર્સિંગ, બી.એસસી. તથા અન્ય વ્યાવસાયિક અભ્યાસક્રમ લઈ કારકિર્દી બનાવી શકાય છે. જયારે વિજ્ઞાન પ્રવાહમાં A ગ્રુપની પસંદગી કર્યા બાદ ઍન્જિનિયરીંગ, આર્કિટેક્ચર, બી.એસસી. (ગણિત, ભૌતિક વિજ્ઞાન, રસાયણ વિજ્ઞાન વગેરે..) બી.એસસી., બી.ઍડ્., ઇન્ટીગ્રેટેડ લૉ, ફોરેન્સિક સાયન્સ તથા ઘણાં બિન-પરંપરાગત અભ્યાસક્રમ લઈ ઊજળી કારકિર્દી બનાવી શકાય છે.

સામાન્ય પ્રવાહમાં વાણિજ્ય પ્રવાહ (કૉમર્સ) અને વિનયન પ્રવાહ (આર્ટ્સ) સાથે ધોરણ 12 પાસ કરી શકાય અને તે અનુરૂપ સારી કારકિર્દી બનાવી શકાય છે.

વાણિજ્ય પ્રવાહ સાથે ધોરણ 12 પાસ કર્યા બાદ, કૉમર્સ વિભાગમાં મુખ્યત્વે, બી.કોમ., બી.બી.એ., ઇન્ટીગ્રેટેડ એમ.બી.એ., બી.સી.એ., ઇન્ટીગ્રેટેડ એમ.સી.એ., તેમજ ઉચ્ચ વ્યાવસાયિક અભ્યાસક્રમ જેવા કે ઇન્ટીગ્રેટેડ એલ.એલબી., સી.એ., સી.એસ., આઈ.સી.એ. (કોસ્ટ ઍકાઉન્ટ), હૉસ્પિટાલીટી મૅનેજમેન્ટ, લૉજિસ્ટીક મૅનેજમેન્ટ ઉપરાંત બિન-પરંપરાગત અભ્યાસક્રમ જેવા કે ડિઝાઇન તેમજ ફેશન, ઇવેન્ટ મૅનેજમેન્ટને લગતા અભ્યાસક્રમ સાથે કારકિર્દી બનાવી શકાય છે.

વિનયન પ્રવાહ સાથે ધોરણ 12 પાસ કર્યા બાદ વિવિધ ભાષાઓ, સમાજશાસ્ત્ર, ઇતિહાસ, ભૂગોળ, મનોવિજ્ઞાન, તત્ત્વજ્ઞાન જેવા વિષયો બી.એ., બી.ઍડ્. ઇન્ટીગ્રેટેડ, ઉપરાંત બિન-પરંપરાગત અભ્યાસક્રમ જેવા કે હોસ્પિટાલીટી મૅનેજમેન્ટ, લૉજિસ્ટીક મૅનેજમેન્ટ ઉપરાંત બિન-પરંપરાગત અભ્યાસક્રમ જેવા કે ડિઝાઇન તેમજ ફેશન, ઈવેન્ટ મૅનેજમેન્ટને લગતા અભ્યાસક્રમ સાથે ઉત્તમ કારકિર્દી બનાવી શકાય છે.

કારકિર્દીની તમારી અભિયોગ્યતા (aptitude), રસ-રૂચિ (interest), અભિગમ (attitude), વ્યક્તિત્વ (personality), તમારા સામાજિક સંબંધો (social network)- આ બધાનું magic mix છે. અનુભવી અને વ્યાવસાયિક કારકિર્દી માર્ગદર્શક સાથે કારકિર્દીની ચર્ચા કરવાથી સાચી માહિતી પ્રાપ્ત થાય છે.

**કારકિર્દીને લઈને કેટલાક અનુભવજન્ય તારણો આપની સામે મૂકી રહ્યો છું.**

1. જો પરિવારની આર્થિક પરિસ્થિતિ મધ્યમ કે વધુ સારી હોય અને તમને આઇ.આઇ.ટી. કે એન.આઇ.ટી. જેવી તેમજ ગુજરાતની ચુનંદી કૉલેજોમાં ઍડમિશન મળે તેવો આત્મવિશ્વાસ હોય અને અગાઉથી જ ગણિત અને વિજ્ઞાનના olympiad કે બોર્ડ દ્વારા લેવાતી ટૅલેન્ટ સર્ચ ટેસ્ટ કે નેશનલ મેરીટ સ્કોલરશીપ જેવી અન્ય સ્પર્ધાત્મક તૈયારી કરેલી હોય તો ઍન્જીનિયર થવું હિતાવહ છે. હા, તેના વિકલ્પે ઓછા ખર્ચે ડિપ્લોમા-ટૂ ડિગ્રી (D2D) માર્ગ સરળ, તનાવ વગરનો છે. ધોરણ 10 પછી 6 વર્ષમાં ડિગ્રી ઍન્જિનિયર થવાય છે.
2. વિજ્ઞાનમાં ઊંડો રસ ધરાવતા હો અને લાંબા સમય સુધી ચલિત થયા સિવાય અભ્યાસ કરી શકતા હો તો B ગ્રુપ લેવું. હા, મૅડિકલ સિવાય નર્સિંગ, ફાર્મસી, ફાર્મ ડી વગેરે પેરા-મૅડિકલ વગેરે જેવી કારકિર્દી માટે

**તમારી જાત પાસેથી કામ લેવા માટે તમારા મગજનો ઉપયોગ કરો.**
**બીજાઓ પાસેથી કામ લેવા તમારા હૃદયનો ઉપયોગ કરો. - મહેન્દ્ર મેઘાણી**

open હો તો ચોક્કસ B ગ્રુપ લઇ શકાય. મૅડિકલની કારકિર્દી પરિવારની આર્થિક પરિસ્થિતિ અને તમારી પોતાની અભ્યાસ કરવાની પદ્ધતિના આધારે નિર્ણય લેવો જરૂરી છે.

3. મિત્રો કે સખી જે શાખામાં જતાં હોય તે શાખામાં દેખાદેખીથી કારકિર્દીની પસંદગી કરવી નહિ. તેના કરતાં મા-બાપના વ્યવસાયમાં અથવા તેની આનુષંગિક શાખામાં બાળક આગળ વધે તો લાંબે ગાળે વધુ સફળ થાય છે અને શાંતિની જિંદગી જીવી શકે. દા.ત. CA થયેલ પિતાના પુત્ર MBA Financeમાં કારકિર્દી બનાવે, વકીલના સંતાન specialized law અથવા C.S.માં કારકિર્દી બનાવે કે ઇલેક્ટ્રોનિક્સનો શૉ-રૂમ ધરાવતા વ્યક્તિનો દીકરો સંબંધિત ઍન્જિનિયરીંગ કરે તો સફળતા પ્રમાણમાં સરળ હોય છે.

4. જે તે બ્રાંચની પસંદગી માત્ર ટ્રેન્ડ જોઈને ન કરવી. ઘણાં વિદ્યાર્થીઓએ બી.એસસી. કર્યા બાદ વૈજ્ઞાનિક તરીકે સફળ કારકિર્દી બનાવી છે.

5. ભારતમાં સ્કિલ બેઝ્ડ માણસોની જરૂરિયાત ઘણી મોટી છે. કોઈપણ ટૅક્નિશીયન કે ફોરમેન થવામાં નાનપ અનુભવવી નહિ. ડોમેસ્ટિક અપ્લ્યાન્સીસ, જેવા કે AC, વોશિંગ મશીન, ગીઝર, સોલાર પેનલ્સ તેમજ વાહન રીપેરીંગ, મોબાઈલ રીપેરીંગ, ઓટોમોબાઇલ રીપેરીંગ, હાયટેક સોફ્ટવેર પર ચાલતાં સાધનોનું સપોર્ટ-સર્વિસ કરી રોજના બે કે ત્રણ હજાર સરળતાથી અને પ્રામાણિકતાથી કમાઈ શકાય છે.

6. કોઈ ધંધો કે વ્યવસાય નાના નથી. ચમારકામ જેવા મજૂરીવાળા કામમાંથી બાટા કંપની ઊભી થઇ અને વણકરના ધંધામાંથી ટેક્સટાઈલ મિલો ઊભી થઇ છે. એક જમાનાનો હજામતનો વ્યવસાય અત્યારે બ્યુટી-સલૂન તરીકે ફૂલ્યો-ફાલ્યો છે અને હજારો રૂપિયા આપી ઍપોઇન્ટમેન્ટ લઇને જવું પડે છે. નાનો મોટો ધંધો અથવા સેવાઓ પ્રામાણિકતાથી કરવાથી લાંબે ગાળે સફળતા જરૂર મળે છે.

7. કારકિર્દીની પસંદગી એ અટપટો અને ગંભીર વિષય છે. તટસ્થ કારકિર્દી નિષ્ણાતોની સલાહ અચૂક લો.

ટૂંકમાં, વધુ ખર્ચ કરો એટલે સારું શિક્ષણ એ ગણિત સાચું નથી. હા, તમારી આર્થિક પરસ્થિતિ મુજબ પોષાય તેમ હોય તો જરૂર સારી સંસ્થા પસંદ કરો..

માર્ગદર્શન સાથેની સખત મહેનત અને અભ્યાસ તમને ચોક્કસ સફળતા આપે છે.

**સંપર્ક: આચાર્ય, એ.જી. હાયર સૅકન્ડરી સ્કૂલ, અમદાવાદ**

## સફળ બાળકોના માતાપિતાના ગુણો

- તેઓ હંમેશાં બાળકોને બિનશરતી પ્રેમ આપે છે.
- અન્ય બાળકો કે મોટાભાઈ, બહેન સાથે સરખાવતા નથી.
- પોતે (માતાપિતાએ) તેના માટે ફાળવેલા સમય, શક્તિ અને નાણાંને વારંવાર યાદ કરતાં નથી.
- બાળકોને સલાહ વિનાનું સાંનિધ્ય આપે છે અને બાળકોના ભૂતકાળની ભૂલોને વધુ યાદ કરતાં નથી.
- બાળકોની ભૂલમાં પણ વધુ તક આપે છે અને તેમની નિષ્ફળતામાં પણ બાળકોની સાથે જ રહે છે.
- બાળકોની ડિગ્રી અને માર્ક્સને નહીં પણ તેના ચારિત્ર્ય, તેના વ્યક્તિત્વ, તેની આવડત, તેની ક્ષમતા, તેની બુધ્ધિપ્રતિભા, તેની ખૂબી, તેની ખામી અને તેની કળાને માન આપે છે.
- બાળકની ક્ષમતા પર પૂરો ભરોસો રાખે છે.
- તેની અસફળતાની વાતો મિત્રો કે સગાં સાથે કરતાં નથી.
- તેને સલાહ એકાંતમાં આપે છે અને તેના વખાણ જાહેરમાં કરે છે.
- બાળકના ભણતર સાથે રમતગમત પર પણ પૂરતું ધ્યાન આપે છે.
- નાના-મોટા કૌશલ્યા બાળકને સાથે રાખીને શીખવે છે.
- પોતાના સામાજિક કે વ્યાવસાયિક દબાણને લીધે બાળકો પર ક્યારેય ગુસ્સે થતા નથી.
- પોતાને સમય સાથે બદલે છે.
- બાળકોને નિર્ણયો લેવાની તક આપે છે.

**(સંકલન)**

**જ્યાં સુધી માણસ જ્ઞાનની સાથેસાથ ડહાપણમાં પણ આગળ નહિ વધે ત્યાં સુધી કેવળ જ્ઞાનવૃદ્ધિ એ કેવળ દુઃખ વૃદ્ધિ જ લાવશે. - બટ્રાન્ડ રસેલ**

# પરિણામને સ્વીકારજો...

વિજય દાણી

કુદરતમાં ઋતુચક્ર ચાલે છે. એક ઋતુ પૂર્ણ થયા પછી બીજી ઋતુ આવે છે. તેવી જ રીતે દિવસ પછી રાત અને રાત પછી દિવસ આવે છે એટલે કે કુદરતમાં ચક્રો ચાલ્યા જ કરે છે. કશું સ્થિર નથી, ગતિમાં જ હોય છે, એટલે જ બદલાયા કરે છે. સ્થિરતા આવી જાય તો શું થાય ? કલ્પના કરો. મતલબ સ્પષ્ટ છે કે કુદરતે જ આવી રચના મનુષ્યના જીવનમાં આનંદ માણવા કરી છે.

બસ, બીજી બધી બાબતોનું પણ આવું જ કંઈક છે. પરીક્ષા લેવાયા પછી પરિણામની પળ આવે અને આવે જ. જેણે પરીક્ષા આપી છે તેનું પરિણામ પણ આવવાનું જ. પરિણામ એ ફળ છે અને તેના માટે કરેલી મહેનત એ કર્મ છે. કર્મ કરવું એ આપણી ફરજ છે, ફળ આપવાનું કામ ઈશ્વરનું છે. ઈશ્વર દરેકને કર્મ પ્રમાણે ફળ આપે જ છે. કેટલાકને પરિણામ માન્ય રાખવું હોતું નથી પરંતુ આવેલ પરિણામ તમારી મહેનતના પ્રમાણમાં આપેલું ફળ છે. મહેનત ઓછી અને પરિણામ વધુ તે તો શક્ય જ નથી.

'વાવીએ તેવું લણીએ' એ કહેવત આપણે જાણીએ છીએ. જેવા બીજ વાવીશું તેવા જ ફળ મળશે. આખું વર્ષ જે મહેનત કરે તો સ્વાભાવિકપણે તેનું પરિણામ ઉત્તમ આવે. પરંતુ આપણને પરિણામ ઉત્તમ પ્રકારનું જોઇતું હોય છે અને તે ઉત્તમતાનું ધોરણ આપણે નક્કી કરીએ છીએ. કુદરત જે કરશે તે સારું કરશે તેવો વિશ્વાસ આપણે ખોઈ બેસીએ છીએ. ઈશ્વરને માન્ય પરિણામ કેટલીક વખત આપણને માન્ય હોતું નથી અને આપણે દુઃખમાં સરી જઈએ છીએ. ઈશ્વરને પણ ધુત્કારીએ છીએ પરંતુ આજે બે-ત્રણ ઉદાહરણ એવાં આપવા છે કે આપને પણ ચોક્કસ વિશ્વાસ થશે કે જે થયું તે સારું થયું.

જે લોકોએ પોતાનું લક્ષ્ય નક્કી કરી તેને સિદ્ધ કર્યું હોય તેની તુલનામાં જે લોકોએ અણધાર્યા પરિણામોને લીધે અભૂતપૂર્વ ઊંચાઈઓ સર કરી હોય તેમણે વિશ્વને વધારે વ્યાપક રીતે પ્રભાવિત કર્યું છે.

યુગોસ્લાવિયાના ઓગનેસ ગોન્જા બોયાઝુ કોલકત્તાની કોન્વેન્ટ સ્કૂલમાં ભણાવવા માટે ભારતમાં આવ્યા. કોઈપણ હેતુ વિના અને મધર ટેરેસાનું કરૂણામય હૈયું લોકોને અજાણતાં જ જોવા મળ્યું.

'ધ નેશનલ હેરાલ્ડ'ના સંપાદન વિભાગના બાલકૃષ્ણ મેનન જે હંમેશાં એમ માનતા હતા કે સાધુઓ એક મોટું જુઠ્ઠાણું છે. એક લેખ લખવા માટે સ્વામી શિવાનંદને મળ્યા. અજાણતાં જ જગતને સ્વામી ચિન્મયાનંદ પ્રાપ્ત થયા.

અમેરિકાની શોધ ક્રિસ્ટોફર કોલંબસ માટે અણધાર્યું કલ્પનાતીત પરિણામ જ હતું ને ! કલ્પનાતીત પરિણામો જ વિશ્વને વધારે વ્યાપક રીતે પ્રભાવિત કરે છે અને આપણને એક નવી ઊંચાઈ અપાવે છે.

અલીબાબા ગ્રુપના ચેરમેન જૈકમા પોતાના જીવનમાં ધોરણ-5, ધોરણ-8માં, હાવર્ડ યુનિવર્સિટીમાં પ્રવેશ માટે, નાના સ્ટોર પર નોકરી માટે, સરકારી નોકરી માટે એવી અનેક પરીક્ષામાં નાપાસ થયા હતા. જેને કોઈ નોકરી રાખવા તૈયાર નહોતું તેની કંપનીમાં આજે પચાસ હજાર માણસો કામ કરે છે. પરીક્ષાઓમાં નાપાસ થવાથી જો પ્રયત્ન છોડી દીધો હોત તો ! હંમેશાં નિરાશ થયા વગર પુરુષાર્થ કરે જ રાખો તો પ્રારબ્ધ એક દિવસ તમારા પગમાં પડશે જ.

**'અધીરો છે ઈશ્વર તમને બધું આપવા માટે,**
**પણ તમે ચમચી લઈને ઊભા છો, દરિયો માંગવા માટે.'**

તમને એક પરીક્ષામાં નિષ્ફળતા મળે તો તે

**જો તમે સતત ને સખત મહેનત કરી શકો છો તો તમારામાં દુનિયાની દરેક વસ્તુ ખરીદવાની તાકાત છે. - ડેવિડ હામ**

જિંદગીની આખરી પરીક્ષા થોડી છે ? સ્ટ્રેસમાં આવ્યા સિવાય પરીક્ષાની ફરીથી તૈયારી કરવી. અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપ્રમુખ અબ્રાહમ લિંકનની વાત સૌને ખબર છે. અનેકવાર ચૂંટણી હાર્યા પછી એક તબક્કે ચૂંટણી જીતી અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ બન્યા.

સુપરસ્ટાર અમિતાભ બચ્ચનને આજેય તેમની આટલી ઉંમરે પણ તેમને અનેક કામ મળે છે. જે અવાજે તેમને રિજેક્ટ કર્યા તે જ અવાજે ઉચ્ચ શિખરે પહોંચાડ્યા. અનેક એવા હીરો છે કે આપણને એવો વિચાર આવ્યા વગર ન રહે કે કેવું સરસ નસીબ છે કે આ કક્ષાએ છે. પરંતુ એ ન ભૂલો કે તેમણે અનેક નિષ્ફળતાઓ સહન કરીને પ્રયત્નો ચાલુ રાખ્યા તેનું પરિણામ તે ભોગવે છે.

રાષ્ટ્રપિતાનું જેમને બિરુદ મળ્યું છે તેવા મહાત્મા ગાંધીજીએ પણ અભ્યાસ દરમિયાન શ્રેષ્ઠ પરિણામો મેળવ્યા નથી. તેમના કરતાં વધુ સારું પરિણામ મેળવતા વિદ્યાર્થીઓ હતા. છતાં તે પૈકી મહાત્મા ગાંધી જ કેમ આ કક્ષાએ પહોંચી શક્યા ? વિચારો, બસ અડગ મનથી મંડી જ પડવું. ગમે તેવું કામ પાર પડે જ.

ઈશ્વર એક દરવાજો બંધ કરે ત્યારે બીજા અનેક દરવાજા ખોલતો હોય છે. જરૂર છે માત્ર આપણને સમજવાની, આગળ વધવાની. આપણે તો બંધ થયેલા દરવાજા આગળ જ તે ખોલવાની રાહ જોઈને ઊભા થઈ જઈએ છીએ ત્યાં જ આપણે થાપ ખાઈએ છીએ. બંધ થયેલ દરવાજો ખોલવાની રાહ ન જોતાં બીજો ખુલ્લો દરવાજો શોધવામાં લાગવાની જરૂર છે અને તે જ સફળ થયા છે. કોઈપણ ક્ષેત્ર હોય - નોકરી, ધંધો, ખેતી બસ આગળ જ વધવું તેવો મંત્ર લઈને ચાલો.

વિરાટ કોહલી જેવો ક્રિકેટ ખેલાડી જો ગ્રાઉન્ડ પર જઈને સામેની ટીમના બૉલરને એમ કહેશે કે બે ટપ્પી પાડીને જ બૉલ નાંખજે, સ્પીન ન કરતો, બાઉન્સ કરજે દરેકને જીતવું છે. પોતાના શ્રેષ્ઠ પ્રયત્નોમાં લાગ્યા હશે ત્યારે આપણે એવી રીતે તૈયાર થવાનું છે કે ગમે તેવો બૉલર આવે તો પણ સરસ રમી શકે. બધા જ પ્રકારના બૉલની પ્રૅક્ટિસ કરીને મેદાનમાં ઉતરવું પડે છે. પરીક્ષાર્થીનું પણ આવું જ હોવું જોઈએ. પરીક્ષાની સંધિ જોતાં ‘પરિ’ નો અર્થ છે ચારેય બાજુ અને ‘ઈક્ષા’ નો મતલબ છે જોવું. ચારેય દિશામાં સજાગ રહે છે, દૃષ્ટિ કરે છે તે જ સફળ થાય છે.

**વલણ હું એકસરખું રાખું છું**
**આશા-નિરાશામાં,**
**બરાબર ભાગ લઉં છું જિંદગીના**
**સૌ તમાશામાં,**
**સદા જીતું છું એવું કૈં નથી, હારું છું**
**બહુધા પણ,**
**નથી હું હારને પલટાવવા દેતો**
**હતાશામાં. - અમૃત ઘાયલ**

ગઝલકાર અમૃત ઘાયલના આ કાવ્યમાં પણ કહ્યું છે તેમ દરેક વખત જીત જ થાય તેવું નથી હોતું. હાર પણ સ્વીકારવી પડે છે, પચાવવી પડે છે.

મનથી હારેલો કદાપિ જીતી શકતો નથી. મનથી હાર ન માનવી જોઈએ. હારથી હતાશ થવું નહીં. ઉત્સાહથી આગળ વધવું. હારને ઈશ્વરની પ્રસાદી સમજીને શ્રદ્ધાથી કર્મ કરવું.

પુરુષાર્થ એક એવું વટવૃક્ષ છે, જેને ફળ આવ્યા વિના રહેતાં નથી. કોઈપણ સફળતા પાછળ પ્રેરણા અને પુરુષાર્થનું પ્રમાણ એક અને નવ્વાણું ટકાનું હોય છે. પુરુષાર્થથી વ્યક્તિ નિરાશ કે અકર્મણ્ય બની જતો નથી. જીવનની કઠિન પરિસ્થિતિનો એકમાત્ર જવાબ પુરુષાર્થ છે.

એક ગુરુએ શિષ્યની પરીક્ષા લેતા દીવો પ્રગટાવ્યો અને પૂછ્યું કે પ્રકાશ ક્યાંથી આવ્યો ? શિષ્યને જવાબ ન સૂઝ્યો તો શિષ્યએ દીવો ફૂંક મારી હોલવી દીધો અને શિષ્યએ ગુરૂને પ્રશ્ન કર્યો કે પ્રકાશ ક્યાં ગયો ? ગુરુએ જવાબ આપ્યો કે જ્યાંથી આવ્યો હતો ત્યાં. પણ મૂળ પ્રશ્નનો જવાબ સ્પષ્ટ થતો ન હોવાથી શિષ્યએ ગુરુને વિનંતી કરી તો ગુરુએ જવાબ આપ્યો કે ‘ઉદ્યમથી પ્રકાશ’ આવે છે, પ્રગટે છે. વિના ઉદ્યમ પ્રકાશ પ્રગટતો નથી. બસ, આ જ દૃષ્ટાંતનો ઉપયોગ કરી ઉદ્યમ કરીશું તો પરિણામ મળવાનું જ છે.

જિંદગી કોઈ આઇપોડ જેવી નથી કે જે ગીત પસંદ

**“આત્મબળ એ સામર્થ્ય આપે છે, સામર્થ્ય એ વિદ્યા પ્રદાન કરે છે, વિદ્યા સ્થિરતા પ્રદાન કરે છે, સ્થિરતા એ વિજય અપાવે છે.” - છત્રપતિ શિવાજી**

હોય તેને લગાવી સાંભળી શકાય. જિંદગી તો રેડિયો છે. બટન ફેરવતાં જાઓ. ક્યારેક તો તમારી પસંદગીનું ગીત જરૂર આવી જશે. જિંદગીમાં હારજીત આવ્યા કરે, હિંમતથી કામ લેવું જોઈએ. રાત જવાની તૈયારીમાં છે, સૂરજ ઊગવાનો ઇંતજાર કરો. છેવટે દૂધ ફાટવાથી એ લોકો દુઃખી થાય છે જેમને રસગુલ્લાં બનાવતા નથી આવડતા. આફતને અવસરમાં ફેરવતાં શીખવાની વાત છે. બીજો ઑપ્શન હોય જ છે. નિરાશ થયા વગર બીજા ઑપ્શનમાં જઈ આનંદ કરવો જોઈએ.

મનુષ્યદેહ મળવો દુર્લભ છે. મનુષ્યદેહ મળ્યાનો આનંદ કરીએ.

કેટલીક નાની-નાની વાતોથી પર રહી જીવનનો આનંદ માણવો. બધું જ ઈશ્વરીય દેન છે એવું સમજી સહર્ષ સ્વીકારી નિજાનંદમાં રહેવું એ અગત્યનું છે. સુખ - દુઃખ, હાર - જીતના ચક્રમાં હેરાન ન થવું. મનુષ્યજીવન વીજળીના ઝબકારા જેવું, વાદળની છાયા જેવું, દર્ભની અણી પર રહેલા જળના બિંદુ જેવું, પાણીના પરપોટા જેવું, કમલપત્ર પર પડેલા ધુમ્મસના બિંદુ જેવું, પાણીમાં રાખેલા કાચા ઘડા જેવું, સંધ્યાના રંગ જેવું ક્ષણભંગુર છે તો શું કામ આનંદમાં ના રહેવું?

પરિણામ જે આવે તે સ્વીકારી પચાવજો. નાહકના હતાશામાં કે સ્ટ્રેસમાં જવાની જરૂર નથી. સુખ પછી દુઃખ અને દુઃખ પછી સુખ આવવાનું જ છે. ઈશ્વર પર સાચી શ્રદ્ધા રાખી કર્મમય બનો.

**સંપર્ક:** **આચાર્ય, શ્રી આદર્શ વિદ્યાલય, લીંભોઈ**
**તા.મોડાસા, જિ. અરવલ્લી-383316**

## 14 જૂન : વિશ્વ રક્તદાન દિનનું મહત્ત્વ

14 જૂને વિશ્વ રક્તદાતા દિવસ અથવા 'બ્લડ ડૉનર ડે' તરીકે મનાવવામાં આવે છે. પ્રથમ બ્લડ ડૉનર ડે 2004માં ઉજવવામાં આવ્યો હતો. આ ઉજવણી કરવાનો હેતુ લોકોને રક્તદાન વિશે જાગૃત કરવાનો છે જેથી લોકો વધુને વધુ જીવન બચાવવા રક્તદાન કરી શકે. રક્તદાન કરવાના ઘણા ફાયદા છે. કોઈપણ સ્વસ્થ વ્યક્તિ રક્તદાન કરીને અન્ય વ્યક્તિનું જીવન બચાવવામાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપી શકે છે.

જ્યારે આપણે રક્તદાન કરીએ છીએ, ત્યારે તે દરમિયાન લગભગ એક યુનિટ બ્લડ ખેંચાય છે. આ બ્લડ આગામી 24 કલાકમાં રિકવર થઈ જાય છે, પરંતુ આરબીસી (રેડ બ્લડ સેલ) થવામાં લગભગ ત્રણ મહિનાનો સમય લાગે છે. તેથી એકવાર રક્તદાન કર્યા પછી ઓછામાં ઓછા ત્રણ મહિના પછી ફરીથી રક્તદાન કરવું. આ રીતે એક વર્ષમાં તંદુરસ્ત વ્યક્તિ ત્રણ મહિનાના ગાળામાં ચાર વખત રક્તદાન કરી શકે છે.

- રક્તદાન કરવાથી હૃદયની બીમારીઓ તેમજ સ્ટ્રોકનું જોખમ ઓછું થાય છે. નિયમિતપણે રક્તદાન કરવાથી લોહીમાં આયર્નની વધુ માત્રા નિયંત્રણમાં રહે છે, જેના કારણે હાર્ટ એટેક કે સ્ટ્રોકનો ખતરો રહેતો નથી.
- રક્તદાન કર્યા પછી આપણું શરીર તરત જ તેની રિકવરી શરૂ કરે છે. આના કારણે આપણા શરીરના કોષો વધુને વધુ લાલ રક્તકણો (આરબીસી) બનાવવા લાગે છે, જે આપણા સ્વાસ્થ્ય માટે ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે.
- બ્લડ ડૉનેટ કરવાથી પણ વજન નિયંત્રિત રહે છે. પરંતુ આનો અર્થ એ નથી કે આપણે વજન ઘટાડવા માટે રક્તદાન કરવું જોઈએ. આ માત્ર વજનને નિયંત્રિત કરવાનો એક માર્ગ છે, પરંતુ ડાયેટ પ્લાન નથી.
- નિયમિત ડોનેશન પહેલાં બ્લડની સાથે બીજા પણ ઘણા ટેસ્ટ થાય છે. રક્ત પરીક્ષણ, હિમોગ્લોબિન તેમજ અન્ય ચેપ અને રોગોને શોધી શકે છે.

રક્તદાન શ્રેષ્ઠ દાન છે. તેનાથી કોઈની કિંમતી જિંદગી બચાવી શકાય છે. રક્તદાન કરવાથી શરીરને કોઈ જ હાનિ થતી નથી. 50 વર્ષથી ઓછી વયની સ્વસ્થ કે તંદુરસ્ત વ્યક્તિ દર ત્રણ માસે 250 મિલી જેટલું રક્ત દાનમાં આપી શકે છે. 'રક્ત આપો, જીવન બચાવો'. સંપત્તિ દાન, વસ્ત્ર દાન, અન્નદાન, અંગદાનની જેમ રક્તદાન પુણ્યનું કામ કરે છે. રક્તદાન મહાદાન છે.

(સંકલન)

**આ સંસારનાં સર્વ સંબંધોનો જમા ઉધાર હિસાબ બરાબર લખાઈ ગયા પછી જે શેષ વધે તે ઈશ્વરકૃપા છે. - ખલિલ જિબ્રાન**

# મેઘાણીવંદના : લોકસાહિત્યના સંપાદક અને સંશોધક શ્રી ઝવેરચંદ મેઘાણી

**સંકલન**

આઝાદીનો અમૃત મહોત્સવ અને 'રાષ્ટ્રીય શાયર' સ્વ. ઝવેરચંદ મેઘાણીની 125મી જન્મજયંતીના સુભગ સમન્વય અને ગરિમામય ઉજવણી નિમિત્તે શહીદ વીરોની છલોછલ રાષ્ટ્રભક્તિ અને મેઘાણીની સાહિત્યકૃતિઓ, શૌર્ય રચનાઓ, લોકસાહિત્ય, ગદ્ય-પદ્ય તેમજ અનેક સાહિત્યકૃતિઓ દ્વારા ત્યાગ, બલિદાન, સમર્પણ તેમજ ખમીરવંતી વીરરસની વાર્તાઓ કહી છે. આઝાદીના અમૃત મહોત્સવ નિમિત્તે સૌ સાથે મળીને ભારતને વધુ આત્મનિર્ભર અને સમૃદ્ધ બનાવવા માટે સંકલ્પબદ્ધ થઈએ.

સ્વ. ઝવેરચંદ મેઘાણીએ આઝાદીની લડત વખતે અમૂલ્ય યોગદાન આપ્યું હતું. ગાંધીજી દ્વારા 'રાષ્ટ્રીય શાયર' તરીકે ખ્યાતિ પામેલા સ્વ. ઝવેરચંદ મેઘાણીની 125મી જન્મજયંતી નિમિત્તે રાજ્યભરમાં સાંસ્કૃતિક કાર્યક્રમ 'કસુંબીનો રંગ' ઉજવવામાં આવ્યો હતો.

આઝાદીનો અમૃત મહોત્સવ અને સ્વ. ઝવેરચંદ મેઘાણીની 125મી જન્મજયંતી નિમિત્તે શાળાકક્ષાએ આચાર્યો અને શિક્ષકોના માર્ગદર્શનથી વિવિધ કાર્યક્રમો યોજાય તેમજ સ્વ. ઝવેરચંદ મેઘાણીએ સાહિત્યકૃતિઓ થકી આઝાદીની લડતમાં અવનવી રચનાઓ દ્વારા યુવાનોમાં નવા જોમ અને જુસ્સા સાથે દેશદાઝનો માહોલ ઊભો કર્યો હતો તેનાથી વિદ્યાર્થીઓ પરિચિત થાય તે આવશ્યક છે. ઑગસ્ટ 2021થી સમગ્ર વર્ષ દરમ્યાન સાંસ્કૃતિક કાર્યક્રમો, વિવિધ સ્પર્ધાઓ તેમજ મેઘાણીના જીવન-કવન આધારિત પ્રવૃત્તિઓનું આયોજન કરી વિદ્યાર્થીઓને માહિતગાર કરી શકાય તેમજ ભારતના આઝાદીના સંગ્રામમાં યોગદાન આપનાર આઝાદીના ઘડવૈયાઓના જીવન અને બલિદાન વિશે વિદ્યાર્થીઓ માટે વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરી વિદ્યાર્થીઓમાં દેશભક્તિ માટે સંસ્કારોનું સિંચન કરી શકાય તેવું આયોજન શાળા કક્ષાએ થાય તે જરૂરી છે.

ગાંધીયુગના ગુજરાતી સાહિત્યના કવિ/સર્જકોમાં એક માત્ર ઝવેરચંદ મેઘાણી જ એવા કવિ થઈ ગયા કે જેમણે ''જનતાના કવિ'' તરીકે જબરદસ્ત ચાહના મેળવી છે.

લોકસાહિત્યમાં લોકગીતો, રાષ્ટ્રપ્રેમનાં શૌર્યગીતો તેમણે બુલંદ અવાજે ગાઈને ઘણી લોકચાહના પ્રાપ્ત કરી છે. તેઓએ કાવ્ય, નાટિકા, નવલકથા, નવલિકા, વિવેચન, નિબંધ, જીવનચરિત્ર, પ્રવાસવર્ણન, કટાક્ષ, ભાષાંતર અને લોકસાહિત્યનું સંપાદન અને સંશોધન એમ વિવિધ ક્ષેત્રે સર્જન કર્યું છે.

લોકસાહિત્યનું સંપાદન અને સંશોધન એ ઝવેરચંદ મેઘાણીએ ગુજરાતી સાહિત્યને કરેલી ચિરંજીવ સેવા છે. લોકસાહિત્યની શોધમાં તેઓ કાઠિયાવાડના ગામડે ગામડે રઝળ્યા છે. બારોટો, ભરવાડો, ઘરડી દાદીમાઓને સાંભળીને તેમની પાસેથી લોકકથાઓ અને લોકગીતોનો ખજાનો કબજે કર્યો છે. તેમાં બાલગીતો છે, ઋતુગીતો છે, વ્રતગીતો અને લગ્નગીતો છે. મરશિયા, ભજનો, કથાકાવ્યો અને દુહાઓ પણ છે. પ્રેમ અને શૌર્યની લોકકથાઓ, બહારવટિયાની કથાઓ અથાગ પરિશ્રમ અને અખૂટ ધીરજથી એકઠી કરી બીજી ભાષાઓના લોકસાહિત્યની સાથે સરખામણી કરી લોકસાહિત્યનાં સર્વસામાન્ય લક્ષણો તારવી આપવાનું ભગીરથ કાર્ય તેમણે કર્યું છે.

સૌરાષ્ટ્રના ભૂતકાળને જીવતો કરવાનું શ્રેય ઝવેરચંદ મેઘાણીના ફાળે જાય છે. ગુજરાત સાહિત્યસભાએ તેમના આ કાર્યની કદરરૂપે ઈ.સ. 1928નો **'રણજિતરામ સુવર્ણચંદ્રક'** તેમને એનાયત કર્યો હતો. કવિનું **'છેલ્લો કટોરો'** કાવ્ય કવિમુખે સાંભળીને ગાંધીજીએ તેમને **'રાષ્ટ્રીય શાયર'**નું બિરુદ આપ્યું હતું. તેમના **'સિંધુડો'** કાવ્યે સ્વાતંત્ર્યની લડતમાં એક નવો પ્રાણ પૂર્યો હતો. પરદેશી સરકારે એ પુસ્તક જપ્ત કર્યું હતું.

**ગુસ્સાની પળમાં રાખેલ બે ઘડીની ધીરજ આપણને દુ:ખની ઘણી પળોથી બચાવે છે. - ચાણક્ય**

ઝવેરચંદ મેઘાણીએ મેળવેલી જનચાહના અજબ હતી. એ જમાનાના લોકોનાં હૃદય ઉપર તેમણે અનેરું પ્રભુત્વ મેળવી લીધું હતું. તેમણે કરેલી લોકસાહિત્યની સેવાએ તેમને ઊંચી પ્રતિષ્ઠા અપાવી છે. ઝવેરચંદ મેઘાણીએ કશુંય ન લખ્યું હોત પણ માત્ર લોકસાહિત્યની જ સેવા અને સાધના કરી હોત તોપણ તે દીર્ઘકાલીન કીર્તિને પ્રાપ્ત કરવા યોગ્ય હતા.

ઝવેરચંદ મેઘાણીના લોકસાહિત્યમાં 'ડોશીમાની વાર્તા', 'સૌરાષ્ટ્રની રસધાર' (ભાગ-1 થી 5), 'કંકાવટી', 'દાદાજીની વાતો', 'સોરઠી બહારવટિયા' (ભાગ-1, 2, 3), 'સોરઠી સંતો', 'સોરઠી ગીતકથાઓ', 'પુરાતન જ્યોત', 'રંગ છે બારોટ' - જેવાં સર્જનો ખાસ નોંધપાત્ર છે. આ સર્જનોએ અપૂર્વ ખ્યાતિ તથા લોકપ્રિયતા હાંસલ કરી છે એ નિઃસંદેહ હકીકત છે. આ માટે મેઘાણીએ ભારે પરિશ્રમ ઉઠાવ્યો હતો.

પોતે અચ્છા ગાયક, કવિ અને લોકચાહક હોવાથી મેઘાણીનું લોકગીત ક્ષેત્રનું પ્રદાન પણ એટલું જ મૂલ્યવાન ગણાયું છે. વિવેચકો અને વિદ્વાનોએ તેમના આ લોકગીતક્ષેત્રના પ્રદાનને કાયમી-ચિરંજીવ પ્રદાન તરીકે ગણાવ્યું છે. તેમાં 'ચૂંદડી' (ભાગ-1, 2) 'રઢિયાળી રાત' (ભાગ-1 થી 4), 'સોરઠી સંતવાણી' ઈત્યાદિ એમના સુખ્યાત, ઉત્તમ લોકગીત સંચયો, સંપાદનો તથા સ્વતંત્ર સર્જનો છે. આપણાં લોકગીતોને મેઘાણીએ પોતાની સર્જક-પ્રતિભાથી નવજીવન, પુનર્જીવન બક્ષ્યું છે તેમ કહેવામાં કશી અતિશોયક્તિ નથી. ખરું પૂછો તો મેઘાણી અમુક અંશે 'લોકગીતના પર્યાય' બની ગયા છે.

ગુજરાતી ભાષાના લોકસાહિત્યના અનેકવિધ સંશોધનોને માટે એમણે દસકાઓ સુધી ભગીરથ પુરુષાર્થ કર્યા છે. આ લાંબા સમયની તેમની અનન્ય સાહિત્ય-સાધનાને પરિણામે તેમને અનેક માણસોના વ્યક્તિગત પરિચયમાં આવવાનું બન્યું હતું. સેંકડો સ્થળો તેમણે નજરોનજર જોયાં હતાં. ત્યાં તેઓ રહ્યા હતા. રહીને અનેક દૃષ્ટિકોણથી તેમણે વિવિધ અવલોકનો પણ કર્યા હતાં. આવા અનેકવિધ લાંબા ટૂંકા પ્રવાસોને પરિણામે તેમની અનુભવસમૃદ્ધ દૃષ્ટિએ 'સૌરાષ્ટ્રના ખંડેરોમાં' તથા 'સોરઠને તીરે તીરે' જેવા બે સમુદ્ર પ્રવાસગ્રંથોની મૂલ્યવત્તા પણ સ્વીકારાઈ છે.

## સુવિચારસંચય

### શિક્ષણ અંગે

'શિક્ષણને કોઈ નિશ્ચિત મુકામ નથી. તેનો કોઈ અંત નથી. એનું કામ વિકસવાનું અને વિકસાવવાનું છે. માણસ શિક્ષિત થતો થતો દીક્ષિત થાય ત્યારે તે કેળવણી પામ્યો કહેવાય. શિક્ષણને કોઈ પૂર્ણવિરામ નથી એટલે તો એ વૃક્ષને નીત નવી કૂંપળો ફૂટે છે, માટે તો તે જીવતું રહે છે. કૂંપળ જીવતા હોવાની નિશાની છે.''

### વ્યસન અંગે

''વ્યસનોની ઝપટમાં સૌથી પહેલાં યુવકો આવી જતા હોય છે. એક તો ફૂટતી યુવાની, ઘરમાં પૈસાની રેલમછેલ, ઘરમાં ધાર્મિક વાતાવરણનો અભાવ, વટ પાડી દેવાની મનોવૃત્તિ, કુસંગ, ટી.વી. અને સિનેજગતની બૂરી અસર, ધ્યેય વિનાનું દિશાહીન જીવન, જીવન સામે કોઈ આદર્શ ન હોવો, સંસ્કારોનો અભાવ - આવાં અનેક કારણોને લીધે યુવક-યુવતીઓ વ્યસનના શિકાર બને છે.''

**(સંકલન)**

**('કર્મણ્યેવાધિકારસ્તે' પુસ્તકમાંથી સાભાર)**

**કારણ વિના બીજાના દોષો જોવા કે કહેવા એ મોટી મૂર્ખાઈ ગણાય છે. - વિદૂર**

# જીવતાં શીખવાડે એ જ સાચું શિક્ષણ

હરીશભાઈ આર. મહેશ્વરી

શાળા એ એક એવું પવિત્ર સ્થળ છે કે જ્યાં પ્રવેશ કરતાંની સાથે જ મનના વિચારો હકારાત્મક બની જતાં હોય છે. શાળામાં નિયમિત જતાં વિદ્યાર્થીઓ તેમજ કર્મચારીગણ અન્ય લોકો કરતાં વધુ સરળતા અને સહજતાની નજીક હોય છે, કારણ કે, શિક્ષણસંસ્થામાં કોઈના જીવનમાં જિંદગી રોપવાનું પવિત્ર કાર્ય થતું હોય છે. માનવીય અભિગમ સાથે થતું આવું પવિત્ર કાર્ય શિક્ષક અને વિદ્યાર્થીને આત્મીયતાથી જોડે છે. આવા કાર્ય દરમ્યાન શિક્ષક અને વિદ્યાર્થી પોતાના હૃદયના ભાવજગતને નિ:સ્વાર્થભાવે ખોલી જીવન જીવતાં હોય છે. બાળક મુક્તપણે સુરક્ષિત ભાવના સાથે સંપૂર્ણ ખીલી ઊઠે છે.

શાળામાં જિંદગી મજાની લાગે છે કેમ કે ત્યાં સ્વાર્થરહિત સંવેદના જાગૃત થતી હોય છે. શાળામાં દિલ દઈને ભણતો વિદ્યાર્થી અને દિલ દઈને શીખવતા શિક્ષકની એક આંખમાં તેજ હોય છે અને બીજી આંખમાં કરૂણા હોય છે. તેજ તપાવે એવું નહીં, પણ તેજ પ્રકાશિત કરે એવું હોય છે. આવા પ્રકાશિત તેજ દ્વારા બાળકની અંદર લાગણીઓ, ધૈર્ય, પ્રેમ, પ્રામાણિકતા, સંઘભાવના, સંવેદનાઓ અને સ્વને જગાડવાનો શ્રેષ્ઠ સમય શાળામાં મળી રહે છે. આવા હકારાત્મક ગુણોની ખીલવણી અને જાળવણી યોગ્ય પ્રમાણમાં થતી રહે તો બાળક મોટું થઈ સાર્થક જીવન જીવી સમાજ માટે પ્રેરણાદાયી વ્યક્તિત્વની છાપ પાડતો હોય છે.

શાળામાં વિદ્યાર્થીને અભ્યાસની સાથે સાથે જીવનના કેટલાંક ઊજળાં પાસાંને પણ ઉજાગર કરવાનાં હોય છે. જીવનમાં અવારનવાર ઉતાર-ચડાવ આવ્યા કરે છે ત્યારે ધૈર્ય અને સહનશીલતાને જીવનમાં કાયમી વણી લીધાં હોય તો જીવન ક્યારેય દોહ્યલું નહીં લાગે, ક્યારેય નકારાત્મક વિચારો મનમાં સ્થાન નહીં લે. માટે, બાળકને હંમેશાં પોતાની ક્ષમતાને ધ્યાનમાં રાખી જીવનમાં ધ્યેયને પામવા માટે ખંતપૂર્વક પ્રયત્નો કરે એવું શીખવાડવું જરૂરી છે. શાળા કક્ષાએથી જ બાળકને શીખવાડવું જરૂરી છે કે દેડકો ગમે તેવો ફૂલે તોપણ હાથી ન જ થઈ શકે. તેથી બાળકે પોતે પોતાની ક્ષમતાનો પરિચય શાળા કક્ષાએ કેળવી, પોતાનાં લક્ષ્યને નિર્ધારિત કરી, સતત અને સખત પુરષાર્થ કરવાનો હોય છે.

શાળામાં બાળકે સ્વયંશિસ્ત દાખવી યોગ્ય વર્તન કરવાનું શીખવાનું હોવાથી તેના શિક્ષકોનો પણ વાણી-વ્યવહાર વ્યવસાયને અનુરૂપ હોવો જોઈએ. શાળામાં બાળકને આત્મીયતા સાથે તેના જીવનને શણગારવાનું હોય છે. બાળક ગમે તેવું તોફાની હોય પણ તેને સંવેદનાપૂર્ણ રીતે સમજાવીને યોગ્ય દિશાએ વાળવાનું હોવાથી શિક્ષકો પણ સંવેદના ધરાવતા હોવા જોઈએ. કોઈની વેદનાનો અનુભવ ત્યારે જ થાય કે જ્યારે તે વ્યક્તિમાં સંવેદના હોય-માટે સંવેદનભાવ સાથે શિક્ષણકાર્ય થતું હોય ત્યારે વિદ્યાર્થીની ગ્રહણશક્તિ ઝડપી બનતી હોય છે અને તે તેના ભવિષ્ય માટે આશાવાદી બનતો હોય છે.

બાળકને આજ્ઞાંકિત બનાવવાને બદલે આશાન્વિત બનાવવાની જરૂરી છે. અમુક શાળાઓમાં એવું પણ જોવા મળે છે કે, બાળકને શિક્ષક જે કામ આપે તે બધું કામ, પછી તે અંગત કામ હોય તોપણ આજ્ઞાંકિત બનીને કરતો હોય છે. બાળક આજ્ઞાંકિત હોય તે બરાબર છે, પણ તેનાથી વધુ તે બાળક પોતાના સમગ્ર જીવન દરમ્યાન આશાન્વિત બને તો તેના જીવનમાં આવનારી અડચણોનો હિંમતભેર સામનો કરી જીવનમાં આગળ વધતો રહેશે. 'આશા અમર છે' એ ઉક્તિને સચોટ ઠેરવવા શાળા કક્ષાએથી જ આશાન્વિતનો ગુણ ખીલે તે માટે યોગ્ય પ્રયત્ન થવો જોઈએ. તેના માટે

**પોતે સર્જેલી સૃષ્ટિમાં દરેક ઠેકાણે પહોંચી વળવાનું ઈશ્વર માટે અશક્ય હતું તેથી તેણે 'મા'નું સર્જન કર્યું. - એડિસન**

શિક્ષકો પણ આશાવાદી હોવા જોઈએ.

શિક્ષકોએ પ્રસન્નતા સાથે ભણાવવું જોઈએ. ટીચિંગ ટચિંગ હોવું જોઈએ. માત્ર અભ્યાસક્રમ પૂર્ણ કરી દેવાથી શિક્ષક બોજામુક્તિનો અનુભવ કરે છે અને પછી વિદ્યાર્થીઓ પરીક્ષા આપે છે અને તેમણે મેળવેલા ગુણો પરથી શિક્ષક પોતાની મહેનતનું પણ મૂલ્યાંકન કરે છે કે પોતે આ વર્ષ દરમ્યાન કેટલો સફળ રહ્યો. આ સાથે શિક્ષકે પોતે આત્મમંથન કરવું જોઈએ કે શાળામાં મારી હાજરીને કારણે વિદ્યાર્થીઓના જીવનમાં હકારાત્મક ગુણોનું આરોપણ થયું છે કે નહીં તેનું પણ સવિશેષ મૂલ્યાંકન કરવું જરૂરી બને છે.

જો બાળકોમાં સદ્‌ગુણોનો વિકાસ શાળા કક્ષાએથી નહીં થાય તો બાળક મોટું થશે, પણ તેનામાં માણસાઈનો પારો નીચલી કક્ષાએ જ રહેશે. તે બુધ્ધિશાળી બનશે, પણ જો તે બુદ્ધિજડ હશે તો તે બાળક મોટું થઈ જડ પથ્થર ઊઠાવીને હિંસાનો માર્ગ અપનાવતા વાર નહીં લગાડે. માટે, બાળકને હૃદયના ભાવ સાથે શિક્ષણ આપવું પડશે. તેનામાં સંવેદના હશે તો તે અન્યોની વેદનાને પારખી લેશે અને તે વેદનાને દૂર કરવા પોતે પણ પ્રયત્ન કરશે. માટે શાળા કક્ષાએથી જ બાળકમાં માનવીય ગુણોની ખીલવણી થવી જોઈએ અને તેના માટે ગુરુજનો પણ સદ્‌ગુણોના વાહક હોવા જોઈએ.

સદ્‌ગુણોના વાહક ત્યારે જ બની શકાય કે જ્યારે શિક્ષક પોતાના ભીતરમાં પ્રસન્નતાનો અનુભવ કરતા હોવા જોઈએ. પ્રસન્નતા સાથે અભ્યાસ કરાવતા શિક્ષકના હકારાત્મક તરંગોને કારણે વિદ્યાર્થીઓ પણ પ્રસન્નચિત રહી શીખતા હોય છે. આવી રીતે વિદ્યાર્થી પોતાના જીવનને પ્રસન્નતા સાથે જીવશે. જ્યાં પ્રસન્નતા છે ત્યાં પવિત્રતા છે. જ્યાં હંમેશાં પ્રસન્નતાને સ્થાન છે તેવી શાળા પવિત્ર ગણાય છે અને સાચા અર્થમાં શાળા કહેવાય છે. જ્યાં ભીતરી પ્રસન્નતા વધે અને જ્યાંથી ભાગવાની ઇચ્છા ન થાય તે સાચા અર્થમાં શાળા કહેવાય. આવી શાળાઓમાં વિદ્યાર્થીઓનું જીવનધોરણ પણ સાત્ત્વિક હોય છે.

શિક્ષકો સદ્‌વાચન કરવાની ટેવવાળા હોય, વ્યસનમુક્ત હોય, સદ્‌વિચારોનો પ્રસાર કરતા હોય અને એ પ્રમાણેનું જીવન જીવતા હોય તે શિક્ષકોના વિદ્યાર્થીઓ પણ ઉમદા વ્યક્તિત્વના માલિક છે. આવા ઉમદા વિદ્યાર્થીઓ જ્યારે જાહેર જીવનમાં આવતા હોય છે ત્યારે તેઓ દરેક બાબતને સરળતાથી અને સહજતાથી સ્વીકારી જીવનને અટકાવ્યા વગર હોંશભેર આગળ ધપતા હોય છે, જીવનને સુંદર રીતે માણતા હોય છે. માટે, શિક્ષણસંસ્થાઓમાં વિદ્યાર્થીઓ ક્યાંથી આવે છે, તે મહત્ત્વનું નથી પણ શિક્ષણ પ્રાપ્ત કર્યા પછી તે ક્યાં જાય છે અને કેવું વર્તન કરે છે તે મહત્ત્વનું છે. જો તે શિક્ષણ પ્રાપ્ત કર્યા પછી આશાન્વિત થઈ સરળ અને સબળ જીવન જીવતો હોય તો તેનું શ્રેય ગુરુજનો અને શાળાને જાય છે.

બાળક શાળામાંથી અભ્યાસ કર્યા બાદ દુર્ગુણી રહ્યો તો સમજવું કે તે બાળકમાં કોઈ પ્રકારની સદ્‌વૃત્તિનું પ્રસ્થાપન કરવામાં નથી આવ્યું. આવું બાળક હૃદયની કેળવણીના અભાવે પરિવાર, સમાજ અને વિશ્વથી વિમુખ બનતું હોય છે, જે તેના માટે અને સમાજ માટે હાનિકારક બાબત છે. તેથી શાળામાં હૃદયના પવિત્ર ભાવ સાથે વિદ્યાર્થીઓને કેળવણી આપવામાં આવે તો તે વિદ્યાર્થીઓ પોતાના જીવનને મઠારશે અને યોગ્ય પ્રશંસા પામશે. જીવન જીવવાનો આનંદ માણશે અને અન્યોને પણ આનંદ કરાવશે. માટે, સદ્‌ગુણયુક્ત જીવન બને તે માટે શાળા કક્ષાએથી જ બાળકોના જીવનને કેળવવા જોઈએ.

બાળકને જીવન હંમેશાં જીવવાલાયક લાગે એ માટે બાળકોને કેન્દ્રમાં રાખી હૃદયપૂર્વક અભ્યાસ કરાવાય તો તે અભ્યાસ ઝડપથી ગ્રહણ કરી સમજશક્તિ કેળવતો થઈ જાય છે. તેનામાં આત્મવિશ્વાસ વધતો જાય છે. શાળામાં બાળક ભણાવાતાં વિષયોને સમજતો થશે તેટલો ભણવામાં તે હોશિયાર બનશે.

**નિષ્ઠાપૂર્વક કામ કરશો તો નામ અને નામના દોડતા આવશે.**

શિક્ષણ માતૃભાષાના માધ્યમથી અપાતું હોય એ જરૂરી છે. માતૃભાષામાં અપાતું શિક્ષણ બાળકને સહજભાવનો અનુભવ કરાવે છે તેથી તે સહજતાથી શીખે છે, સમજે છે, પ્રશ્નો પૂછી શકે છે, જવાબ પણ સમજી શકે છે. માતૃભાષા મધુર હોવાથી બાળક રસપ્રદ અભ્યાસ કરે છે, તેનું ભાવજગત પણ ખીલી ઊઠે છે. કારણ કે, માતૃભાષા થકી શિક્ષણ આપવાથી શિક્ષક પોતાની અભિવ્યક્તિઓ અને લાગણીઓ સફળતાપૂર્વક રજૂ કરી શકે છે અને તેનો પ્રભાવ વિદ્યાર્થીઓ પર પણ પડે છે અને તેવી જ લાગણીનો બાળક પણ અનુભવ કરે છે, તેથી તે ટીચિંગ ટચિંગનો અહેસાસ કરાવે છે. માતૃભાષામાં અભ્યાસ કરાવતી શાળામાં વિદ્યાર્થીઓમાં સંવેદનશીલતાનો ગુણ વધુ પ્રમાણમાં વિકાસ પામતો હોય છે. આવા સંવેદનાસભર બાળકો પુખ્ત થઈને સમાજમાં હકારાત્મક વાતાવરણનું સર્જન કરતો હોય છે, જે સમાજ માટે સારી બાબત ગણાય. શિક્ષણે સમાજને સંવેદનાયુક્ત માણસો પૂરા પાડવાના હોય છે તેને ધ્યાનમાં રાખી શાળા કક્ષાએથી જ વિદ્યાર્થીઓને તૈયાર કરવાના અભિગમથી શિક્ષકો તત્પર રહે તો તે શિક્ષણસંસ્થા આપોઆપ સમાજમાં પ્રતિષ્ઠિત બનશે અને સમાજ, દેશ તેમજ વિશ્વને ગૌરવ પ્રાપ્ત થશે.

ચાલો, આપણે બધા સહિયારા પ્રયાસ થકી પોતાના જીવનને પ્રેરણાદાયી બનાવી, પ્રેરણાપથ પર ચાલી, બાળકો માટે પથદર્શક બની સંપૂર્ણ આદરભાવ સાથે શાળાને જીવંત સ્થળ બનાવી, બાળકોના જીવનમાં જિંદગી રોપી, તેના જીવનવૃક્ષને કલ્યાણકારી બનાવી, સમાજ તેમજ રાષ્ટ્રના કલ્યાણ માટે કાયમી પવિત્ર કર્મ કરી, આપણા પવિત્ર વ્યવસાયને ઉચ્ચતમ સ્થાને સ્થાન આપીએ. **"મા, માતૃભાષા અને માતૃભૂમિના ત્રિવેણી સંગમ પર જીવન કલ્યાણનું પ્રયાગ રચાય છે."**

---

સંપર્ક: સુપરવાઈઝર,
શ્રી પી. આર. અગ્રવાલ નવનિર્મિત સ.વ.પ.
ગુજરાત વિદ્યાલય, ગાંધીધામ-કચ્છ.

## પ્રાર્થના

હું પ્રાર્થના કરું છું
કે
મારા બાળકને એની પોતાની જિંદગી જીવવા દઉં,
મેં જીવવાની ઇચ્છા કરી હતી તેવી જિંદગી નહિ,
અને
એટલે જે કરવામાં મને નિષ્ફળતા મળી હતી.
તે કરવાનો બોજ તેના પર લાદવા સામે
હે પ્રભુ, મને સાવધ રાખજે.
તેણે જે લાંબો માર્ગ કાપવાનો છે
તેને ખ્યાલમાં રાખીને
હું તેનું આજનું ખોટું પગલું જોઈ શકું એ માટે
મને સહાય કરજે પ્રભુ.
અને
એની ધીમી ગતિ માટે ધીરજ રાખવા જેટલી
ઉદારતા મને આપજે.
એની ઉંમરના નાનાં નાનાં તોફાનો સામે
ક્યારે હસી લેવું,
અને તેને જેનો ભય લાગે છે ને જેના પર તે
કાબૂ મેળવી શકતો નથી
તેવા આવેગો સામે ક્યારે સંરક્ષક દઢતાથી
કામ લેવું.
તે જાણવા જેટલું ડહાપણ તું મને આપજે.
તેના ગુસ્સાભર્યા શબ્દનો કોલાહલ ભેદીને
કે તેના ગુમસુમ મૌનની ખાઈ ઓળંગીને તેના
હૃદયની વ્યથા સાંભળવામાં મને સહાય કરજે.
હે પરમાત્મા !
મને એ ઔદાર્ય આપજે
જેથી અમારી વચ્ચેની ખાઈ હું હૂંફ કરી
સમજદારી વડે પૂરી દઈ શકું.

**- કુન્દનિકા કાપડિયા**
**('પરમ સમીપે' માંથી)**

**મોટી સમસ્યાઓથી દૂર ભાગો નહિ, મોટી તક એમાં જ હોઈ શકે છે.**

# ગાંધીવિચારો : નઈતાલીમના સંદર્ભે - NEP 2020

રસિક આર. વાળંદ

નવીનતાને ન હુકરાવો, નવીનતા પ્રાણપોષક છે;
જુઓ કુદરત તરફથી શ્વાસ પણ જૂના નથી મળતા.
- મરીઝ

લગભગ સવા ત્રણ દાયકા પછી 21મી સદીની પ્રથમ શિક્ષણનીતિ જાહેર થઈ, જેમાં અનેક હકારાત્મક બાબતો સમાવિષ્ટ છે. મારી દૃષ્ટિએ આ નવી રાષ્ટ્રીય શિક્ષણનીતિ - NEP-2020 એટલે સાંપ્રત શિક્ષણપ્રણાલિની સમસ્યાઓ દુરસ્ત કરવાનો પ્રયાસ... સાથોસાથ 21મી સદીના જે જે પડકારો છે તેનો હકારાત્મક ઉકેલ સૂચવતો ખૂબ જ મહત્ત્વાકાંક્ષી દસ્તાવેજ પણ છે. અહીં એક ખાસ નોંધનીય બાબત એ છે કે સમયાંતરે બહાર પડતી વૈશ્વિક માર્ગદર્શિકાઓની સાથે સમગ્ર દેશમાંથી પ્રાપ્ત થયેલા બે લાખ જેટલાં સૂચનો પર સતત ત્રણ વર્ષ સુધી વિચાર-વિમર્શ, ચિંતનના દધિમંથનનું પરિપાક રૂપ નવનીત એટલે નવી રાષ્ટ્રીય શિક્ષણનીતિ-NEP-2020.

અહીં આપણે અન્ય ચર્ચા ન કરતાં માત્ર નવી શિક્ષણનીતિના પરિપ્રેક્ષ્યમાં ગાંધીવિચારોને સમજવા પ્રયાસ કરીએ.

પૂ. મહાત્મા ગાંધી રાષ્ટ્રપિતા, આઝાદીની ચળવળના ભારતના મહાન નેતા, વ્યાવહારિક, દાર્શનિક અને સામાજિક તેમજ રાજકીય સુધારક હતા. તેમણે ભારતના કરોડો દલિતો, નિર્ધનો, ભૂખ્યાં લોકોના ઉત્કર્ષ માટે નિરંતર કામ કર્યું. ગાંધીજી એક વર્ગવિહીન સમાજની સ્થાપના કરવા માગતા હતા - એક સર્વોદય સમાજ-રામરાજ્ય-સ્થાપવા માગતા હતા. આ ધ્યેયને હાંસલ કરવા માટે તેમણે એક સશક્ત સાધન અપનાવવાનું નક્કી કર્યું. તે સાધન હતું **બુનિયાદી શિક્ષણ.**

ગાંધીજી આદર્શવાદી, વાસ્તવવાદી, પ્રકૃતિવાદી હતા. ગાંધીજી અક્ષરજ્ઞાન કરતાં મન, શરીર અને આત્માની કેળવણીને વધુ પ્રાધાન્ય આપે છે. તેઓ શિક્ષણને માનવ વ્યક્તિત્વના વિકાસનું સાધન માનતા હતા, સાથે સાથે રાષ્ટ્રના નવનિર્માણમાં શિક્ષણના ફાળાની પ્રશંસા કરી છે.

હવે આપણે ગાંધીવિચારના ઉદ્દેશો અને નવી શિક્ષણનીતિ વચ્ચેના તાલમેલ વિશે વિચારીએ...

### શારીરિક વિકાસ

સારા વ્યક્તિત્વ માટે તંદુરસ્તી જરૂરી છે. NEP-2020માં ફાઉન્ડેશન સ્ટેજ પછીના 3 વર્ષ પ્રારંભિક તબક્કા (Preparatory Stage)માં લેખન, વાંચનની સાથે શારીરિક શિક્ષણનો ઉલ્લેખ છે, આમ **'સ્વસ્થ બાળક, સ્વસ્થ ભારત'** સૂત્ર ચરિતાર્થ કરવાની નેમ જોવા મળે છે.

### માનસિક વિકાસ

ગાંધીવિચારમાં બાળકના માનસિક વિકાસ માટે શૈક્ષણિક અનુભવ પર વધારે ભાર મૂકાયો છે. ગાંધીવિચાર ક્રિયાઓના માધ્યમથી અને તાલીમ દ્વારા માનસિક વિકાસનું સમર્થન કરે છે. માત્ર માનસિક વિકાસ નહીં પણ બાળકના સર્વાંગી વિકાસ પર ભાર મૂકે છે. એ જ બાબત નવી શિક્ષણનીતિમાં મીડલ સ્ટેજ (ધો.6 થી 8)માં શિક્ષણની સાથે વિદ્યાર્થીમાં પડેલી વ્યવસાયલક્ષી કુનેહને ઉજાગર કરવાની સાથે વાક્ચાતુર્ય, સંગીત, ચિત્ર જેવી મનગમતી પ્રવૃત્તિ અને કલાપ્રિયતા, પ્રૉજેક્ટ જેવા અનુભવોની તકો પૂરી પાડવામાં આવશે.

### આત્મનિર્ભરતા

ગાંધીવિચારમાં એ સ્પષ્ટ છે કે શિક્ષણ વ્યક્તિને આત્મનિર્ભર બનાવવામાં મદદરૂપ થાય છે. શિક્ષણ એ વ્યક્તિને યોગ્ય બનાવે છે કે જે ભાવિજીવનમાં સ્વતંત્રતાપૂર્વક રોજેરોજ કમાઈ શકે. ગાંધીજી એવું કહેતા હતા કે, **'શિક્ષણ આપો અને બેકારીની જડ કાપો.'** નવી શિક્ષણનીતિમાં મીડલ સ્ટેજમાં જ વિદ્યાર્થીના અંતરમનના

શ્રેષ્ઠ વ્યક્તિ બોલવામાં સંયમિત હોય છે પણ પોતાનાં કાર્યોમાં અગ્રેસર હોય છે. - કન્ફ્યુશિયસ

વિચારકૌશલ્યો પાંગરશે. પછીનાં ચાર વર્ષ સૅકન્ડરી સ્ટેજ (ધો.9 થી 12)માં વિદ્યાર્થીને મનપસંદ વિષય ભણવાની સ્વતંત્રતા મળશે જેથી આનંદદાયી વિદ્યાના જાતઅનુભવે તનાવમુક્ત રહેશે. પરિણામે 18 વર્ષ પછીના ભાવિ શિક્ષણ માટે ભારતનો યુવાન રાષ્ટ્રીય, આંતરરાષ્ટ્રીય કક્ષાએ સ્પર્ધા કરી શકે એવો શારીરિક, માનસિક, બૌદ્ધિક રીતે સક્ષમ બનશે. શિક્ષણની સાથે દેશના યુવક-યુવતી આત્મનિર્ભર અને સ્વાભિમાની બનશે એવો દૃષ્ટિકોણ રજૂ થયો છે.

### સાંસ્કૃતિક વિકાસ

કેળવણીની પ્રક્રિયામાંથી વ્યક્તિના મનમાં સંસ્કૃતિ અને સંસ્કારવારસા પ્રત્યે એક પ્રકારનો આદર પ્રગટવો જોઈએ. તેથી જ ગાંધીજી અક્ષરજ્ઞાન કરતાં સંસ્કાર કેળવણીને વિશેષ મહત્ત્વ આપે છે. મનુષ્યના વર્તન પરથી જ તેના સંસ્કારની છાપ ઊભી થાય છે. બાળકોની કેળવણીમાં વર્તન-પરિવર્તનની પ્રક્રિયાને મહત્ત્વનું સ્થાન હોવું જોઈએ. ટૂંકમાં, સંસ્કારિતા અને સંસ્કૃતિ શિક્ષણ દ્વારા વિકસવાં જોઈએ. નવી શિક્ષણનીતિમાં ભારતીય સંસ્કૃતિ તેમજ અસ્મિતાની દ્યોતક ગણાતી સંસ્કૃત ભાષાને પ્રાધાન્ય અપાયું છે. ઉપરાંત ગણિત, વિજ્ઞાન, આયુર્વેદ, ધાતુશાસ્ત્ર જેવા વિષયો મીડલ અને સૅકન્ડરી સ્ટેજમાં સમાવવામાં આવ્યા છે.

### ચારિત્ર્ય ઘડતર

સાંસ્કૃતિક વિકાસનો ફલિતાર્થ વ્યક્તિના શુદ્ધ ચારિત્ર્યનું ઘડતર છે. જ્ઞાન માત્રનું ધ્યેય ચારિત્ર્યઘડતર હોવું જોઈએ. આ ચારિત્ર્યઘડતર વ્યક્તિની શક્તિઓના ઊર્ધ્વીકરણ દ્વારા થઈ શકે. ગાંધીજીના મતે શિક્ષણનો મહત્ત્વનો હેતુ ચારિત્ર્ય ઘડતરનો છે. નવી શિક્ષણનીતિ પણ બાળકનો શારીરિક, માનસિક, સામાજિક અને ભાવનાત્મક વિકાસ થાય તેમજ તેનામાં મૂલ્યોનું ઘડતર થાય તે અપેક્ષિત છે. બાળક તાર્કિક અને ચિંતનાત્મક વિચાર કરતો થાય એવા અભ્યાસક્રમની સાથે રમતગમત, ચિત્રકલા, ગીત, સંગીત, કવિતા, વાર્તાકથન, નાટ્યપ્રવૃત્તિ જેવી પ્રવૃત્તિઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

**'સા વિદ્યા યા વિમુક્તયે'** - એ કેળવણીનો હેતુ છે. ગાંધીવિચારમાં આ પ્રાચીન હેતુ નવા સંદર્ભ સાથે રજૂ થયો છે. લોકોને ઉપયોગી તમામ જ્ઞાનવિદ્યા અને સર્વ દાસત્વમાંથી છૂટકારો એટલે મુક્તિ એવો અર્થ કર્યો છે. કેળવણીનું કામ લોકોપયોગી જ્ઞાનનું ઉપાર્જન તથા દાસત્વ-ગુલામ મનોવૃત્તિમાંથી મુક્તિ અપાવવાનું છે.

નવી શિક્ષણનીતિમાં વિદ્યાર્થીના પસંદગીના વિવિધ વ્યવસાયલક્ષી વિષયોનું ફરજિયાત શિક્ષણ ઉપરાંત કમ્પ્યૂટર પ્રોગ્રામિંગ, કોડિંગ જેવા બિનપરંપરાગત વિષયોને સમાવાયા છે.

### સર્વાંગી વિકાસ

ગાંધીવિચાર ત્રણ R એટલે કે રીડિંગ, રાઈટીંગ, એરીથમેટીક-વાંચવું, લખવું અને ગણવું એના બદલે ત્રણ H એટલે કે હૅન્ડ, હાર્ટ, હેડ-હાથ, હૈયું અને મસ્તિષ્ક ઉપરાંત ચોથા H હેલ્થ-સ્વાસ્થ્યનો ઉમેરો કરવામાં આવ્યો.

નવી શિક્ષણનીતિમાં આ માટેની તકો પૂરી પાડવાનું વિચારાયું છે.

### સમગ્ર માનવ બહાર લાવવો

ગાંધીજીના મતે બાળકોની આધ્યાત્મિક, બૌદ્ધિક અને શારીરિક શક્તિઓને બહાર લાવે અને ખીલવે તે જ સાચી કેળવણી. આમ, શિક્ષણની પ્રક્રિયામાં વ્યક્તિત્વનું નિર્માણ કરનારી કોઈ એક બાજુના ભોગે અન્યનો વધુ પડતો વિકાસ થઈ જાય એ જોવાની ગાંધીજીની દૃષ્ટિનું ઘણું મહત્ત્વ છે.

નવી શિક્ષણનીતિમાં બાળકોનો શારીરિક, માનસિક, સામાજિક, જ્ઞાનાત્મક, ભાવાત્મક તેમજ સર્વાંગી વિકાસ થાય તે માટે વયકક્ષાનુસાર અને વિવિધ વિષયો અનુસાર વિવિધ શૈક્ષણિક પદ્ધતિઓનો ઉપયોગ કરવો પડશે.

ગાંધીવિચારના ચિંતનમાંથી પ્રથમ એક બાબત મહત્ત્વની જણાઈ અને તે છે વિદ્યાર્થીનું વ્યક્તિત્વ. ગાંધીજીના મતે શિક્ષણ વ્યક્તિને સમાજથી અલગ પાડી દે તો તે શિક્ષણનો બગાડ છે. માત્ર બૌદ્ધિક વિષયોનું શિક્ષણ

**પોતાના બે પગ ઉપર નહિ દોડનારને આખરે દવાઓ ઉપર દોડવું પડે છે.**

માણસને તેની કૌટુંબિક અને સામાજિક જવાબદારીઓથી વિમુખ બનાવે છે. એટલે ગાંધીજી શિક્ષણમાં સ્વાવલંબન અને શ્રમનિષ્ઠાની વાત કરે છે. જે સ્વયં સ્વાશ્રયી નથી તે અન્યને શી રીતે મદદરૂપ થઈ શકશે?

આપણા સમાજમાં બે વર્ગો ખૂબ નોંધપાત્ર છે. એક વર્ગ બુદ્ધિજીવી છે અને બીજો વર્ગ શ્રમજીવી. બુદ્ધિજીવી વર્ગ શિક્ષણને કારણે શ્રમથી વિમુખ બને છે, શ્રમજીવી પ્રત્યે નફરત કરતો થાય છે. શ્રમજીવી વર્ગ શિક્ષણથી વંચિત રહેવાથી પેટિયું રળવા શ્રમ કરે છે. બુદ્ધિજીવીઓની પરાધીનતામાં રહી વેઠીયા જેવું જીવન ગુજારે છે. આમ, આ બે વર્ગો વચ્ચે સામાજિક દ્વન્દ્વ રચાય છે, ગાંધીજીના મતે શિક્ષણ એક એવું માધ્યમ છે જેના દ્વારા બુદ્ધિનિષ્ઠા અને શ્રમનિષ્ઠાની વચ્ચે સમતુલા જન્માવી શકાય.

નવી શિક્ષણનીતિ મારી દૃષ્ટિએ ગાંધીવિચારનો ઓછાયો જ છે. એક સમયે રેંટિયો કેન્દ્રમાં હતો. આજે કમ્પ્યૂટર શિક્ષણ સાથે જીવનમૂલ્યો, જીવન-કૌશલ્યો અને સ્વાવલંબન અત્યાવશ્યક છે. એટલે જ મહાન વિચારક ટોફલરે કહ્યું છે કે, "21મી સદી ટેક્નોલોજીની દૃષ્ટિએ સેટેલાઈટનો ઉપયોગ કરતી હશે અને માનવમૂલ્યોની દૃષ્ટિએ ગાંધીજીને અનુસરતી હશે."

ટૂંકમાં, નવી રાષ્ટ્રીય શિક્ષણનીતિ-NEP 2020 આદર્શથી ભરપૂર છે પણ તેની સફળતા માટે નક્કર અમલીકરણની એટલી જ કટિબદ્ધતા દાખવવી પડશે.

---

**સંપર્ક: આચાર્ય, શ્રીમતી એચ. જે. બારોટ માધ્યમિક શાળા, ભેરૂન્ડા, તા. મોડાસા, જિ. અરવલ્લી**

## શિક્ષકોની સાચી ઓળખનું ઘર : સ્ટાફરૂમ

શાળા પોતપોતાની આગવી શૈલી, તેના વિઝન-મિશન, સિદ્ધિઓ, પરિણામો અને તેની આધુનિક ભૌતિક સુવિધાઓથી ઓળખાતી હોય છે અને શોભતી હોય છે, જેમાં મુખ્યત્વે આચાર્યની ઑફિસ, શાળાનું મેદાન, પ્રયોગશાળા, ચિત્રખંડ, પ્રાર્થનાહોલ વગેરે. પણ શાળાની એક મહત્ત્વની કડી જોઈએ તો એ છે શાળાના શિક્ષકોનો સ્ટાફરૂમ. આ શૈક્ષણિક વાતાવરણમાં અદ્યતન સ્માર્ટ વર્ગખંડો પણ મહત્ત્વની ભૂમિકા ભજવે છે. શાળાની નીતિરીતિઓની ચર્ચાવિચારણા શિક્ષકો પોતાના સ્ટાફરૂમમાં કરતા હોય છે. એટલે કે આ સ્ટાફરૂમ એ શાળાની અને વર્ગખંડની નીતિ અને રીતિ ઘડનારું એક અગત્યનું પરિબળ છે. શિક્ષકની કામ કરવાની નિષ્ઠા, ધગશ, ફરજ વગેરે પર સ્ટાફરૂમના વાતાવરણની ખૂબ જ મોટી અસર થાય છે. શાળા અને શાળાના નિયમો અને તેના વિદ્યાર્થીઓ વિશે જાણકારી મેળવવી હોય તો તે સ્ટાફરૂમમાં બેઠેલા શિક્ષકો પાસેથી સાચી અને સચોટ માહિતી મળી રહે છે.

શાળાનો સ્ટાફરૂમ એ એવી જગ્યા છે કે જ્યાં શિક્ષક પોતાના શૈક્ષણિક દિવસનો સૌથી વધુ સમય વિતાવે છે. શાળામાં સ્ટાફરૂમ હોવો એક અગત્યનું પરિબળ છે. જેની મદદથી સમાજમાં એકતા, સહકાર અને પરમાર્થવૃત્તિની ભાવના જગાડી શકાય છે. શિક્ષક એ સમાજનો અને રાષ્ટ્રનો ઘડવૈયો છે. ત્યારે સૌપ્રથમ તેનામાં સાથ-સહકાર અને એકતાની ભાવના હોવી ખૂબ જ જરૂરી છે. જો તેનામાં આ પ્રકારની ભાવના હશે તો જ એ એક સુંદર સમાજને ઘડી શકશે અને તેનામાં આ ભાવના પ્રગટ કરવા માટે શાળામાં સ્ટાફરૂમ હોવો એ એક અગત્યનું પરિબળ છે. શિક્ષકનો સ્ટાફરૂમ સાથેનો સંબંધ એવી રીતે બંધાતો હોય છે કે તેઓ પ્રવેશતાની સાથે જ પોતાના ઘેર જ હોય તેવી અનુભૂતિ થતી હોય છે. સ્ટાફરૂમ એ મોટી ઉચ્ચતા મેળવવાની જગ્યા નથી પણ સામાજિક, માનસિક, ધાર્મિક, સાંસ્કૃતિક અને પોતાપણાની ભાવના સાથે જોડાયેલી એક શીતળ જગ્યા છે. જ્યાં દરેક શિક્ષકને શીતળતા અને છાયાનો અનુભવ થાય છે. સ્ટાફરૂમમાં શિક્ષકો પોતાની વ્યક્તિગત તેમજ વ્યાવસાયિક બાબતો અંગેની ચર્ચા કરી શકે. સ્ટાફરૂમને આપણે સામાન્ય ભાષામાં શિક્ષકનું પોતાનું બીજું ઘર કહી શકીએ છીએ. જ્યાં શિક્ષક પોતાની વ્યસ્ત અને જવાબદારીભરી જિંદગીનો ફુરસદનો સમય વિતાવી રાષ્ટ્રના ઘડવૈયાના પ્રશ્નોની ચર્ચા વિચારણા કરે છે.

શિક્ષકનું કામ ચૉક-ડસ્ટર લઈને વર્ગખંડમાં જવું અને ભણાવી દેવું એટલું જ નહીં પણ તેની સાથે બાળકના ભવિષ્યનું ઘડતર કઈ દિશામાં? અને કઈ રીતે થાય ? આવા જીવંત પ્રશ્નોની મુક્ત અને ગંભીર ચર્ચા આ શિક્ષકના બીજા ઘર એટલે સ્ટાફરૂમમાં થતી હોય છે અને બાળકના ઉજ્જવળ ભવિષ્યના ઘડતરનાં પગલાં લેવાતાં હોય છે અને તેને અમલમાં મૂકાતાં હોય છે. ટૂંકમાં,સ્ટાફરૂમ એ શિક્ષકોનો એવો અરીસો છે જ્યાં સ્ટાફનું સાચું પ્રતિબિંબ દેખાય છે.

**(સંકલન)**

**નિરાંતે દુ:ખ ભોગવવાનો એક જ ઉપાય છે - ઉતાવળ.**

# નવી શિક્ષણનીતિના પરિપ્રેક્ષ્યમાં સંસ્કૃત ભાષાનું શિક્ષણ

ડૉ. પૂજા આર. કેવડિયા

વૈદિક કાળથી લઈને 19મી સદીના મધ્યભાગ સુધી ભારતમાં શિક્ષણ માટે ગુરુકુળની આદર્શ વ્યવસ્થા હતી જેમાં શિક્ષણનું માધ્યમ સંસ્કૃત અને પ્રાદેશિક ભારતીય ભાષાઓ હતી. પ્રાચીન સમયમાં ભારતીય શિક્ષણપ્રણાલી અને સંસ્કૃત ભાષાની તાકાતથી જ ભારત વિશ્વગુરુ બન્યું હતું. ''હું સંસ્કૃત વાણી સમગ્ર રાષ્ટ્રની છું. રાષ્ટ્રને સમૃદ્ધ કરી શકું છું. હું વિદ્યાનો ભંડાર છું, જેનું સન્માન કરવામાં આવે છે એમાં હું પ્રથમ સ્થાને છું'' એવું સુભાષિત છે.

ભારતની આઝાદી પછીના સમયમાં પ્રાદેશિક ભાષાઓ તેમજ સંસ્કૃતનો જોઈએ એટલો વિકાસ થઈ શક્યો નથી. કારણ કે 200 વર્ષના અંગ્રેજોના શાસનકાળ દરમિયાન અસ્તિત્વમાં આવેલી શિક્ષણપ્રણાલીએ પ્રાચીન ઉત્કૃષ્ટ વિજ્ઞાનપરંપરા, ભારતીય સમાજવ્યવસ્થા, ભારતીય હોવાનું ગૌરવ આપણને ભુલાવી દીધા છે. પાશ્ચાત્ય વિદ્વાનોના નામે પ્રસિદ્ધ થયેલા આધુનિક યુગના અનેક સંશોધનો પ્રાચીન સમયમાં હજારો વર્ષો પહેલાં ભારતના વિદ્વાન ઋષિ-મુનિઓએ કર્યાં હતાં. આવાં સંશોધનોના સંદર્ભો પ્રાચીન સંસ્કૃત ગ્રંથોમાં અત્ર-તત્ર-સર્વત્ર જોવા મળે છે. આ પ્રાચીન વિજ્ઞાનપરંપરા અને ઈતિહાસને ઉજાગર કરતું શિક્ષણ આજની નવી પેઢીને આપવું જરૂરી છે.

નવી રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 એક ક્રાંતિકારી પગલું છે. તેનું ધ્યેય છે કે વિદ્યાર્થીઓને શારીરિક, માનસિક, બૌદ્ધિક, આધ્યાત્મિક અને સાંસ્કૃતિક રીતે વિકસિત અને કુશળ બનાવવા. એ ઉપરાંત એવી શિક્ષણનીતિ હોય જ્યાં જીવંત ભારતીય સંસ્કૃતિનું દર્શન રજૂ થાય. નવી શિક્ષણનીતિમાં જીવંત ભારતીય સંસ્કૃતિનું દર્શન એટલે સંસ્કૃત ભાષાની જરૂરિયાત.

ભારતીય સંસ્કૃતિને સંસ્કૃત ભાષા વિના કલ્પી ન શકાય. સંસ્કૃત ભાષાના માધ્યમથી જ જ્ઞાન, વિજ્ઞાન, કલા, દર્શન, ધર્મ વગેરે શીખવવામાં આવતા હતા અને આવે છે. આજની નવી પેઢીને પણ નવી શિક્ષણનીતિના માધ્યમથી વિવિધ સ્તર પર સંસ્કૃત શિક્ષણ અનિવાર્ય બનાવવું જોઈએ. જોકે નવી શિક્ષણનીતિ કહે છે તેમ મિડલ સ્કૂલ અને હાઈસ્કૂલ શિક્ષણ દરમિયાન તમામ શાળાઓમાં આ ભાષાનો વિકલ્પ ઉપલબ્ધ કરાવવામાં આવશે.

પરંતુ ભાષાવૈજ્ઞાનિકોનું માનવું છે કે જીવનના 18 મહિનાથી 48 માસ સુધીનો કાળ મનુષ્ય માટે ભાષા અધિગ્રહણનો સર્વશ્રેષ્ઠ કાળ હોય છે. ત્રિ-ભાષા સૂત્ર હેઠળ ગુજરાતમાં ગુજરાતી, અંગ્રેજી, હિન્દીનો અભ્યાસ નાના ધોરણમાં શરૂ થઈ જાય છે, પરંતુ સંસ્કૃતનું અધ્યયન છઠ્ઠા ધોરણથી શરૂ થાય છે ત્યારે ભાષાઓને ગ્રહણ કરવાની અવસ્થા પસાર થઈ ચૂકી હોય છે. જો ધોરણ ત્રણથી બાળકોને સંસ્કૃતનું પાયાનું શિક્ષણ આપવામાં આવે તો નૈતિક મૂલ્યો અને સંસ્કારોનું સંવર્ધન તો થાય જ છે સાથે-સાથે સંસ્કૃત ભાષાનું જ્ઞાન તે પ્રાપ્ત કરી શકે.

સંસ્કૃતનું જ્ઞાન પ્રાપ્ત કરેલો વિદ્યાર્થી પ્રાચીન ગ્રંથોમાં રહેલા જ્ઞાન-વિજ્ઞાનના ગ્રંથોનો અભ્યાસ કરી આધુનિકતા સાથે પ્રાચીન ઉત્કૃષ્ટ જ્ઞાનનું સંયોજન કરી સર્વાંગી વિકાસ સાધી શકે. આજની પેઢીને આ મહાન વારસાથી પરિચિત કરાવવા માટે કેટલીક હકીકતોથી તેમને માહિતગાર કરવા પડે. જેવી કે,

વિશ્વની અન્ય સંસ્કૃતિઓ હજુ પ્રારંભિક વિકાસના તબક્કામાં હતી ત્યારે ભારત જ્ઞાન-વિજ્ઞાનની સાથે સાથે તંત્રજ્ઞાન, તત્ત્વજ્ઞાન, શીલ, સાહિત્ય, કલા, સંગીત, અધ્યાત્મમાં અર્થવ્યવસ્થા વગેરે ક્ષેત્રોમાં ખૂબ જ પ્રગતિ કરી ચૂક્યું હતું. 2020ની નવી શિક્ષણનીતિ પણ આ બાબતની નોંધ લે છે. હજારો વર્ષ પૂર્વે સંસ્કૃત ભાષામાં ઉપરોક્ત તમામ જ્ઞાન અસ્તિત્વમાં હતું. નવી શિક્ષણનીતિના આવિર્ભાવ સાથે અનેક શાસ્ત્રોક્ત બાબતો નવાં પાઠ્યપુસ્તકોમાં યોગ્ય પ્રમાણ સાથે ઉમેરાય તો ભારતીયો પોતાના ગૌરવશાળી ઈતિહાસ વિશે જાણી શકે અને એમનામાં સ્વાભિમાન જાગૃત થાય.

- ગણિત વિષયનાં પાઠ્યપુસ્તકોમાં શરૂઆતમાં એ ઉલ્લેખ અવશ્ય હોય છે કે શૂન્યની શોધ હાલમાં વપરાતી નંબર સિસ્ટમ, દશાંશ (ડેસીમલ), કેલ્ક્યુલેસ, અંતરનું

**ઘડિયાળની ચાવી ફેરવવાથી તો માત્ર સાચો સમય મેળવી શકાય છે.**
**સારો સમય મેળવવા માટે તો રોજ એ ઘડિયાળની સાથે ચાલવું પડે.**

માપન વગેરે ભારતીય વૈજ્ઞાનિક ભાસ્કરાચાર્ય (લીલાવતી), આર્યભટ્ટ (આર્યભટ્ટિયમ), વરાહમિહિર જેવા મહર્ષિઓએ કરેલ હતી.

- ભૂમિતિનાં પાઠ્યપુસ્તકોમાં એ બાબતનો ઉલ્લેખ અવશ્ય કરવો કે પાયથાગોરસ થિયરીનો પ્રથમ ઉલ્લેખ વેદોના અંગ ગણાતા કલ્પશાસ્ત્રનો શૂલવસૂત્રોમાં મળી આવે છે. એ ઉપરાંત જ્યામિતિ, ત્રિકોણમિતિ, વૈદિક ગણિત, વેક્ટર ગણિત જેવી પદ્ધતિઓ ભારતમાં જ જન્મી અને વિકસી છે.
- ભૂગોળ અને ખગોળશાસ્ત્રનાં પાઠ્યપુસ્તકોમાં ભારતીય યજુર્વેદમાં દર્શાવેલ યજ્ઞ વખતનાં મુહૂર્તો દરમિયાન અવકાશમાં ગ્રહોની સ્થિતિ, જ્યોતિષવિદ્યાનું ગણિત, નક્ષત્રોનું વર્ણન, યાજ્ઞવલ્કય સ્મૃતિમાં દર્શાવેલી નક્ષત્ર વિથીઓ, આશ્વલાયન સૂત્રમાં ધ્રુવ અને અરુંધતીના તારાઓનું વર્ણન વગેરેનો ઉલ્લેખ હોવો જરૂરી છે.
- વિજ્ઞાનનાં પાઠ્યપુસ્તકોમાં ઉલ્લેખ હોવો જોઈએ કે અગસ્ત્યસંહિતામાં વીજળીની શોધનો સર્વપ્રથમ ઉલ્લેખ છે. રામાયણનું પુષ્પક વિમાન તેમજ મહાભારતના યુદ્ધનું વર્ણન હસ્તિનાપુરના મહેલમાં થવું એ બાબત હજારો વર્ષ જૂના વિજ્ઞાનનો ઉલ્લેખ કરે છે.
- મૅડિકલ ક્ષેત્રના વિદ્યાર્થીઓને એ જણાવવું જોઈએ કે આયુર્વેદ શાસ્ત્રના ત્રણ મુખ્ય ગ્રંથો ચરકસંહિતા (શરીરવિજ્ઞાન), સુશ્રુતસંહિતા (સર્જરી વિજ્ઞાન), કશ્યપ ઋષિએ લખેલી કશ્યપસંહિતા (બાળરોગ) વગેરેનાં વર્ણનો તેમજ ઋગ્વેદના મંત્રોમાં નિર્દિષ્ટ દેવતાઓના વૈદ્ય એવા અશ્વિનીકુમારોએ વૃદ્ધ ચ્યવન ઋષિને નવયૌવન પ્રદાન કર્યાના ઉલ્લેખો, રાજા ખેલની પત્ની વિસ્પલાનો પગ યુદ્ધમાં કપાઈ જતા તેને લોખંડની જંઘા જોડી અને સર્જરી કર્યાનાં ઉદાહરણો મળી આવે છે.

**નીચે દર્શાવેલ બાબતોની જાણકારી વિદ્યાર્થીઓને હોવી જરૂરી છે :**

- ખગોળશાસ્ત્રની પરંપરા વેદકાળ જેટલી જ પ્રાચીન છે. યજ્ઞ સંપન્ન કરવા માટે ઉચિત સમય જોવા ખગોળશાસ્ત્રનાં સિદ્ધાંતોનો પ્રયોગ થતો હતો. બ્રહ્માંડમાં ગ્રહોની સ્થિતિ નક્ષત્ર વગેરેનું વર્ણન કરનારા ગ્રંથો સંસ્કૃત ભાષામાં ઉપલબ્ધ છે.
- ભાસ્કરાચાર્ય દ્વિતીયના 'સિદ્ધાંત શિરોમણિ' નામના ગ્રંથમાં લીલાવતી નામના વિભાગમાં ગુરુત્વાકર્ષણ સિદ્ધાંતનો નિર્દેશ મળે છે.
- પરમાણુ શાસ્ત્રના જનક મહર્ષિ કણાદ, આયુર્વેદના સુશ્રુત અને ચરક, રસાયણશાસ્ત્રના આચાર્ય નાગાર્જુન, યૌગિક દર્શનના મહર્ષિ પતંજલિ, આર્યભટ્ટિયમના રચનાકાર આર્યભટ્ટ, એ ઉપરાંત વરાહમિહિર, ભાસ્કરાચાર્ય વગેરે વૈજ્ઞાનિકોએ સંસ્કૃત ભાષામાં પોતાના ગ્રંથોની રચના કરી ભારતભૂમિ પર રહેલા એ જ્ઞાનને સમગ્ર વિશ્વમાં પહોંચતું કર્યું હતું.
- સંસ્કૃત ભાષાની વર્ણમાલા અને તેમાં રહેલ વૈજ્ઞાનિકતા તેમજ તાર્કિકતા, પાણિનીનો 'અષ્ટાધ્યાયી' ગ્રંથ જે માનવમગજની ઉત્કૃષ્ટ પેદાશ મનાય છે. વિશ્વનો સૌથી પ્રાચીન ગ્રંથ ઋગ્વેદ, વિશ્વનું પહેલું મહાકાવ્ય રામાયણ, વિશ્વનો સૌથી મહાકાય ગ્રંથ મહાભારત, વિશ્વની સર્વે ભાષાઓમાં અનુવાદિત થતો ગ્રંથ પંચતંત્ર, મહાકવિ દંડીનું દસ કુમાર ચરિત જેમાં એક પાત્ર 'પ' વર્ગરહિત ભાષા બોલે છે. આ તમામ બાબતો સંસ્કૃત ભાષાની ઉત્કૃષ્ટ અને ચરમ સીમાએ મૂકી શકાય તેવી વિશેષતાઓ છે.

વિશ્વની એક ઉત્કૃષ્ટ ભાષા જેનું અવતરણ આ ભારતની પવિત્ર ભૂમિ પર થયું છે. આજે એનું અસ્તિત્વ જોખમમાં છે ત્યારે ખગોળશાસ્ત્ર, ગણિતશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, ચિકિત્સાશાસ્ત્ર, વાસ્તુશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, વાણિજ્યશાસ્ત્ર એમ અનેક શાસ્ત્રીય વિદ્યાઓનો વિમર્શ કરનાર ગ્રંથો જે હજારો વર્ષો પહેલાં સંસ્કૃત ભાષામાં અસ્તિત્વમાં આવી ચૂક્યા હતા. છેલ્લાં એક હજાર વર્ષોના સંઘર્ષમાં ઘણું બધું લુપ્ત થયું છતાં આજે પણ અતિ મૂલ્યવાન શાસ્ત્રીય ધરોહર આપણી પાસે સચવાયેલી છે તેનું ગૌરવ આજની પેઢીને થાય એ માટે પણ સંસ્કૃત ભાષાને અને તેના અભ્યાસને નવી શિક્ષણનીતિમાં યોગ્ય સ્થાન મળે એ અપેક્ષા રાખું છું.

સંપર્ક: **શ્રી સી.કે.એમ. કન્યા વિદ્યાલય,**
**મુંદ્રા-કચ્છ, પીનકોડ-370421**

**અહિંસા એટલે બીજાના જીવન પ્રતિ તેમના વ્યક્તિત્વ પ્રત્યેનો આદર. - કાકાસાહેબ કાલેલકર**

# કાવ્યશિક્ષણની કૂંચી

તુષાર વ્યાસ

## ● પ્રાથમ્ય :

'કાવ્યપ્રકાશ' પુસ્તકના આરંભે કવિ મમ્મટે કાવ્યના પ્રયોજનોની વાત આ રીતે કરી છે.

**''काव्यं यशसेडर्थकृते व्यवहारविदे शिवेतरक्षतये ।**
**सधः परनिर्वृतये कान्तासंमिततयोपदेशयुबे ॥''**

પણ શાળા કક્ષાએ કાવ્યશિક્ષણના પ્રયોજનો ભિન્ન હોય છે. કાવ્યના ઉત્તમ શિક્ષણ દ્વારા વિદ્યાર્થીઓ કાવ્યઅભિમુખ થાય, સાહિત્યમાં રસ લેતા થાય. પ્રશ્નોના ઉત્તરો સમજપૂર્વક લખી શકે અને કાવ્યશિક્ષણની વિવિધ મનોરમ્ય ભંગિમાઓનો પણ તેમને પરિચય થાય તે અપેક્ષિત છે. આ બધું સિદ્ધ કરવા માટે શિક્ષક પાસે વિશિષ્ટ રીતે કાવ્યશિક્ષણના અધ્યાપન કાર્યની અપેક્ષા રહે છે.

અત્રે ધો. 9 થી 12ના વિદ્યાર્થીઓને કેન્દ્રમાં રાખી એક પ્રકલ્પ કરવામાં આવ્યો. વિષય છે : 'શિક્ષકે કાવ્યનાં ઉત્તમ શિક્ષણ માટે શું કરવું જોઈએ ?' આ પ્રશ્નનો ઉત્તર-મંતવ્યો-મેળવવા માટે ગુજરાતી ભાષાના કવિઓને કહ્યું. તેમણે પોતાના વિચારો લિખિત, વ્યાખ્યાન, ફોન રેકોર્ડિંગ સ્વરૂપે મોકલી આપ્યા. તેમાંથી જે નવનીત તારવ્યું તે અહીં પ્રસ્તુત છે.

## ● કવિ વિનોદ જોશી :

કાવ્યશિક્ષણ શિક્ષક માટે જરા વિશેષ પડકારરૂપ સાહિત્યપ્રકાર છે. કવિતા જેવી નાજુક બાબત અને તેનો ભાષા સાથે શિક્ષક પનારો પાડે ત્યારે તેને ખબર હોવી જોઈએ કે કવિતા એક 'કલાકૃતિ' છે.

કાવ્યશિક્ષણ સમયે શિક્ષકની ભાષા આરોહ-અવરોહયુક્ત હોય તે જરૂરી છે. આના કારણે અસરકારક પ્રત્યાયન થશે. કાવ્યનું છંદોબદ્ધ પઠન કાવ્યને વધારે રોચક બનાવશે. આવું ત્યારે જ શક્ય બને જ્યારે શિક્ષક છંદથી અભિજ્ઞ હોય. વળી, ક્યાં સ્વરભાર મૂકવો ? અભિધાને અતિક્રમીને વ્યંજનાના વિસ્તાર સુધી વિદ્યાર્થીઓને રસપૂર્વક કેમ દોરી જવા ? આ બધી બાબતોનું પણ સમ્યક્ સંયોજન ઉત્તમ કાવ્યશિક્ષણ માટે આવશ્યક છે.

કેટલાંક ભાઈ-બહેનોનો કંઠ મધુર હોય છે. તેઓ ગાયન દ્વારા વિદ્યાર્થીઓને કાવ્યના સૌંદર્ય તરફ દોરી જાય છે. ગાયન દ્વારા કૃતિના માધુર્યની અનુભૂતિ થાય, શબ્દોનું સંગીત અનુભવાય અને આપણી શ્રુતિ (જે સતત સાંભળવાથી કંટાળી હોય) તેને થોડો જુદો અર્થ પણ મળે છે. આમ, કાવ્યગાન દ્વારા કાવ્યશિક્ષણને વિશેષ રૂચિકર બનાવી શકાય.

ક્યારેક કોઈ શિક્ષક વિદ્યાર્થીની કક્ષાને ઓછી આંકવાની ભૂલ કરી બેસે છે. ઘણીવાર એવું પણ બનતું હોય છે કે વિદ્યાર્થી શિક્ષક કરતાં વધારે જુદું, સારું અને સાચું વિચારી શકતો હોય છે. મારું જ એક દૃષ્ટાંત આપીને આ વાત સ્પષ્ટ કરું.

મારા અધ્યાપક કવિશ્રી ભાનુપ્રસાદ પંડ્યા કવિ ન્હાનાલાલનું એક કાવ્ય વર્ગમાં સમજાવતા હતા. કવિએ પ્રયોજેલા રૂપક કરતા મેં જુદો અર્થ પ્રગટ કરી તેમને કહેલું, ''કવિએ પ્રયોજેલું આ રૂપક મને થોડું નબળું લાગે છે.'' આમ કહ્યા પછી મેં તેનું કારણ પણ જણાવ્યું. મારા અધ્યાપક સાહેબે મારા વિચારને શાંતિથી સાંભળ્યો, સ્વીકાર્યો અને વર્ગમાં મને સાહેબે અભિનંદન આપી મારો મહિમા કર્યો. આ ઘટનાની ફલશ્રુતિ એ છે કે, શિક્ષકે બાળકના મત અને વિચારને સાંભળવો. તેની અભિવ્યક્તિ માટે અવકાશ પૂરો પાડવો.

## ● કવિ લાભશંકર પુરોહિત :

ધો. 9 થી 12 માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની કાવ્યસમજ પૂર્ણ પરિપક્વ તો નથી હોતી, તેથી તેઓ કવિતાનો ઊંડો મર્મ ન કરી શકે પણ એનો ગુંજારવ, તેના આરોહ-અવરોહ તેને સ્પર્શતા હોય છે એટલે શિક્ષકે કવિતાનું શિક્ષણ કેમ આપવું ? તે સમજવું જોઈએ.

**સન્માનમાં ડોલે નહિ અને અપમાનમાં બોલે નહિ તે માનવી ખરો સંત કહેવાય.**

કાવ્યશિક્ષણ માટે શિક્ષકની કાવ્યવાચનની સમજ વિસ્તરેલી હોવી જોઈએ. અભ્યાસક્રમમાં આવતા કાવ્ય ઉપરાંત પણ અન્ય કવિઓની કાવ્યકૃતિઓ તેમણે વાંચવી જોઈએ. બધાં જ કાવ્યો એક જ રીતિથી ન ભણાવવા જોઈએ. કાવ્યને તેના છંદ અને આરોહ-અવરોહ પ્રમાણે રજૂ કરવું જોઈએ. અમારા શિક્ષક અમને કવિ 'કલાપી'ની કૃતિ 'ગ્રામમાતા' જે રીતે ભણાવતા તેના કારણે આજે પણ એ કાવ્યની છાપ મારા ચિત્તમાં અંકિત છે.

શિક્ષક દ્વારા કાવ્યગાન થાય તો બાળકને કવિતામાં વધારે રસ પડે. કાવ્યપઠન પણ એક કળા છે. કાવ્યનું યોગ્ય રીતે પઠન કરવામાં આવે તો વર્ગમાં એક ભાવવિશ્વ રચાતું હોય છે.

પાઠ્યપુસ્તકમાં અલગ-અલગ કાળખંડની કવિતા હોય છે. મધ્યકાલીન યુગથી લઈ અનુઆધુનિક યુગ તેમાં સમાયો હોય છે. તેથી શિક્ષક પાસે જે-તે યુગની આબોહવાની જાણકારી આવશ્યક છે.

અભિવ્યક્તિની સજ્જતા પણ જરૂરી છે. વિદ્યાર્થીઓની ઉંમર અને તેની સમજણની કક્ષાને ધ્યાનમાં રાખીને શિક્ષકે ભાષા અભિવ્યક્તિ કરવાની છે. દુર્બોધ ભાષાનો ઉપયોગ ટાળવો જોઈએ. આટલું જો કાવ્યશિક્ષણ દરમિયાન કરવામાં આવે તો વિદ્યાર્થીને કવિતામાં રસ પડશે, કવિતા વાંચતો થશે અને એના અનુષંગે વિચારતો પણ થશે.

### • કવિ મનોહર ત્રિવેદી :

ઉત્તમ કાવ્યશિક્ષણ માટે કાવ્યકૃતિ આત્મસાત્ કરેલી હોવી જોઈએ. અર્થસંક્રમણની સમસ્યા હોય તો સંદર્ભો-અર્થો મેળવી લેવા જોઈએ. અધ્યાપન દરમિયાન શિક્ષક સહજ-સ્નેહાળ લાગવો જોઈએ. તેમાં કૃતક્તા ન પ્રવેશે તે માટે સાવધ રહેવું જોઈએ.

વર્ગમાં કવિતાને તેના છંદ, લય, ભાવ સાથે વાંચવાની છે. (કંઠ સહ્ય હોય તો) કાવ્યગાન કરી શકાય. વિદ્યાર્થી પાસે પણ કરાવી શકાય. કવિ-સર્જકનો પરિચય આપવો જોઈએ. અધ્યાપન દરમિયાન વિદ્યાર્થીને કેન્દ્રમાં રાખવાનો છે. જરૂર જણાય ત્યાં વચ્ચે વચ્ચે પ્રશ્નો પણ પૂછી શકાય. વ્યાકરણની સમજ પણ રસભંગ ન થાય તેમ આપી શકાય. શબ્દના અર્થો વિદ્યાર્થીઓ પાસેથી મેળવવામાં આવે, બોર્ડ પર કેટલીક નોંધ કરી શકાય. આ બધું સરસ રીતે મિશ્રિત થવું જોઈએ. અંતમાં એટલું જ કહું કે, શિક્ષકની રસિકતા અને સજ્જતા જ સર્વોપરી છે, એ હશે તો બાકીનું બધું જ પાછળ-પાછળ આવશે.

### • કવિ સંજુ વાળા :

મોટેભાગે શિક્ષકો 'આ કવિતામાં કવિ શું કહેવા માગે છે ?' આ પ્રશ્નને કેન્દ્રમાં રાખી કવિતાની ચર્ચા કરતા હોય છે, અર્થાત્ પરીક્ષાલક્ષી. એક રીતે આ કંઈ ખોટું પણ નથી, કારણ કે વિદ્યાર્થીઓને આ પ્રકારના પ્રશ્નો જ પરીક્ષામાં પૂછાતા હોય છે. માટે પરીક્ષાલક્ષીતાને કાવ્યશિક્ષણથી વેગળું ન જ રાખી શકાય.

પરીક્ષાની સાથે સાથે વિદ્યાર્થીઓ કવિતામાં 'રસ' લેતા થાય તેવું કશુંક વિશેષ શિક્ષકે કરવું જોઈએ. કાવ્યશિક્ષણ પ્રારંભે કવિ પરિચય થોડો વિશદ રીતે અપાય તે જરૂરી છે. ત્યારબાદ વિદ્યાર્થીઓને કાવ્યપ્રવાહની અંદર રસપ્રદ રીતે પ્રવાસ કરાવવામાં આવે. આના કારણે વિદ્યાર્થી કાવ્યની નજીક જશે. અધ્યાપનકાર્ય હળવાશપૂર્વક કરવામાં આવે તો કવિતા સાથે વિદ્યાર્થીઓનું તાદાત્મ્ય કેળવી શકાય. આ બધી ઝીણી ઝીણી બાબતોની કાળજી રાખવામાં આવે તો વિદ્યાર્થીને કાવ્યમાં રસ પડશે. ભવિષ્યમાં સારો ભાવક થશે અને સ્હેજ આગળ વધી કહું તો, સારો કવિ પણ બની શકે. અલબત્ત, વિદ્યાર્થીને કવિ બનાવવાનો હેતુ નથી જ, પણ એક વિદ્યાર્થી સારો ભાવક બને એ પાયાની બાબત છે.

### • કવિ હરજીવન દાફડા :

શિક્ષકને કવિતામાં રસ હોય, સાહિત્યમાં રસ હોય તે બાબત પાયાની છે. વર્ગમાં શિક્ષકે કવિતામાંથી પ્રગટતો સામાન્ય અર્થ સમજાવ્યા બાદ વિશિષ્ટ અર્થ સમજાવવો જોઈએ. કાવ્યમાંથી જો નીપજતો હોય તો જીવન ઉપકારક સૂક્ષ્મ બોધ પણ અલગ તારવી રજૂ કરવો જોઈએ. ઉપરાંત કવિની નિરૂપણરીતિ, ભાષાકર્મ, શબ્દયોજના, નવીનતા આદિ બાબતે સદૃષ્ટાંત વિસ્તારપૂર્વક સમજાવવું જોઈએ.

**જેને જ્ઞાન હોવા છતાં પોતાના જ્ઞાનનું સહેજ પણ અભિમાન નથી એ જ સૌથી મોટો જ્ઞાની છે.**

જે કાવ્ય વિશે વર્ગમાં વાત થઈ રહી હોય તેમાંથી વિદ્યાર્થી કવિતા અભિમુખ થાય, આગળ કાવ્યપ્રીતિ વધતાં ભાવકતા પણ વિકસે અને કાવ્યસર્જનની જિજ્ઞાસા પ્રગટે તેવા ઉમદા આશયથી કાવ્યશિક્ષણ અપાવવું જોઈએ.

- **કવિ ભરત ગોહેલ :**

વિવિધ સાહિત્યપ્રકારોમાં કાવ્ય એક એવો વિષય છે કે જે અનેક સ્તરે ઉઘડવાની શક્યતાઓ ધરાવે છે. કાવ્ય ગદ્ય જેટલું સરળ નથી હોતું. શબ્દોના સ્થાન અને અર્થભેદે તેના અનેકાર્થ સિધ્ધ થતાં હોય છે. કાવ્યમર્મ સુધી પહોંચવા સામાન્યથી સહેજ ઊંડી સમજની અપેક્ષા હોય છે.

કાવ્યશિક્ષણ માટે શિક્ષક પાસે ભાષાનું ઊંડું જ્ઞાન, શબ્દભંડોળ, કાવ્યત્વની સૂક્ષ્મ સમજ - આટલી બાબત અનિવાર્ય છે. અભ્યાસુ શિક્ષકોમાં આ ગુણ હોય છે. આટલું હશે તો શિક્ષક બાળકને કવિતામાં રસ લેતો કરી શકશે. કાવ્યારંભે ભૂમિકા જરૂરી છે. કાવ્યજ્ઞાન કરી/કરાવી શકાય. અછાંદસ કાવ્યનું પણ જો યોગ્ય રીતે પઠન કરવામાં આવે તો ઘણાં અર્થો ખૂલી જતા હોય છે. ઈન્ટરનેટના માધ્યમથી ગીત-ગઝલ સંભળાવી શકાય.

કાવ્યશિક્ષણને હું ત્રણ પદ્ધતિમાં વિભાજીત કરું છું. **એક :** કાવ્યના શબ્દાર્થો કહી, કાવ્ય વાંચી સમજાવી આપવું. **બે :** કાવ્યનું ગાયન કરી/કરાવી/માધ્યમ વડે બતાવી અને કવિતાના કલ્પનો ઉઘાડી સમજાવવું. **ત્રણ :** વિદ્યાર્થીને કવિતામાં રસ પડે, આનંદ અનુભૂતિ થાય તથા કાવ્યલેખન તરફ દોરાય એ રીતે શીખવવું.

પ્રથમ સામાન્ય પદ્ધતિ છે. બીજી મધ્યમ અને ત્રીજી ભલે પરીક્ષાલક્ષી નથી, પરંતુ તેમાં ભાવિ કવિના બીજ, ભાષા સમૃદ્ધિના જતનની અમર આશા રહેલી છે.

**ફલશ્રુતિ :**

**આ પ્રકલ્પમાં છ કવિ-સર્જકો પાસેથી કાવ્યશિક્ષણ અંગેનાં જે મંતવ્યો જાણ્યા તેની ફલશ્રુતિ આ પ્રમાણે છે :**

- શિક્ષકની સાહિત્ય સાથે નિસબત હોવી જોઈએ.
- બહોળા પ્રમાણમાં વાંચન હોવું જોઈએ.
- કાવ્યસમજમાં વિશેષ અપેક્ષા રહે છે.
- અભિવ્યક્તિમાં સ્પષ્ટતા અનિવાર્ય છે.
- કૃતિ/કર્તા પરિચય વિશેષ રીતે આપવો જોઈએ.
- કાવ્યગાનનું વિશેષ મહત્ત્વ છે. ઈન્ટરનેટનો ઉપયોગ આવકાર્ય છે.
- કાવ્યપાઠમાં એકવિધતા ન હોવી જોઈએ.
- શિક્ષક છંદથી અભિજ્ઞ હોવો જોઈએ.
- કાવ્યમાં અભિધા-લક્ષણા-વ્યંજના ક્યાં રહેલી છે ? તે સમજાવવું.
- કાવ્યબોધ રજૂ કરવો જરૂરી છે.
- કાવ્યશિક્ષણ સાથે વ્યાકરણ પણ આવરી લેવું.
- વિદ્યાર્થીઓને સક્રિય રાખવા.

પ્રકલ્પમાંથી જે મુદ્દાઓ તારણરૂપે મળ્યા તેનું સંયોજન કરી શિક્ષક દ્વારા કાવ્યશિક્ષણ આપવામાં આવે તો વિદ્યાર્થી કાવ્યશિક્ષણની પ્રક્રિયામાં રસપૂર્વક જોડાશે, તેની કાવ્ય અભિરૂચિ વધશે અને તે ઉત્તરવહીમાં પણ મૌલિક દેખાવ કરી શકશે.

**સંપર્ક : એન.કે.વસાણી વિદ્યાલય, જંગર,
તા. કુંકાવાવ, જિ. અમરેલી**

## બાળ ઉપનિષદ

- માતાના હૃદયમાં સૂતેલું ગીત, એ જ બાળકના હોઠ પર આવીને બેઠેલું સ્મિત. **- ખલિલ જિબ્રાન**
- માણસની સંસ્કારિતાનું સાચું માપ એ તેની પત્ની અને બાળકો સાથે કેવી રીતે વર્તે છે, તેના પરથી જ નીકળે છે. **- ઈશ્વર પેટલીકર**
- જીવનમાં જાળવી રાખવા જેવું બાળપણ છે, વૃદ્ધત્વ નહીં. ઘણાં મા-બાપો પોતાનાં બાળકો પાસેથી એમનું બાળપણ છીનવી લેવાની ઉતાવળમાં હોય છે. **- ગુણવંત શાહ**
- બાળક એ પરમાત્માએ માનવજાત પર લખેલો પ્રેમપત્ર છે. **- ગિજુભાઈ**
- બાળક એ બ્રહ્મલીલાનો આવિર્ભાવ છે. **- સ્વામી પ્રણવાનંદજી**
- બાળક પ્રભુની અમૂલ્ય બક્ષિસ છે. બાળક કુદરતની સુંદરમાં સુંદર કૃતિ છે. બાળપૂજા એ પ્રભુની પૂજા છે. **- ગિજુભાઈ બધેકા**
- બાળક સમષ્ટિનું પ્રગતિનું એક આગળ પગથિયું છે. બાળક માનવકુળનો વિશ્રામ છે. બાળક પ્રભુનો પયગંબર છે. **- ગિજુભાઈ બધેકા**

**(સંકલન)**

**જે માણસ બીજાને જાણી લે છે તે ચતુર છે પરંતુ જે પોતાને ખુદને જાણી લે તે છે સાચો પ્રબુદ્ધ.**

## વહીવટી વિભાગ

ક્રમાંક : મઉમશબ/સંશોધન/2022/3411-47
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-10/બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.27-05-2022

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (તમામ)
ગુજરાત રાજ્ય

**વિષય :** જિજ્ઞાસા-ધ હેરીટેઝ ક્વિઝના આયોજન બાબત.
**સંદર્ભ :** શિક્ષણ વિભાગ સચિવાલય, ગાંધીનગરનો પત્ર ક્રમાંક : મશબ/112022.પી.એસ./63/છ, તા.19-05-2022

ઉપરોક્ત વિષય અને સંદર્ભદર્શિત પત્રથી મળેલ ઇન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડ, અમદાવાદના તા.26-04-2022 ના પત્રક્રમાંક : GSO/AKAM ની નકલ આ સાથે મોકલી આપતા જણાવવાનું કે આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણી નિમિત્તે પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલય અને સંસ્કૃતિ મંત્રાલય દ્વારા જિજ્ઞાસા-ધ હેરીટેઝ ક્વિઝનું આયોજન કરેલ છે. જિજ્ઞાસા ક્વિઝ એ વિશ્વમાં ક્યાંય પણ આયોજિત સૌથી મોટી ક્વિઝ પૈકીની એક છે. ઉક્ત સ્પર્ધામાં 13 થી 18 વર્ષની કોઈપણ વ્યક્તિ www.akamquiz.com પર લોગિન કરીને ભાગ લઈ શકે છે. સદર ક્વિઝ 17 ભાષાઓમાં ઉપલબ્ધ થશે. જેની નોંધણી માટેની છેલ્લી તારીખ 15 જુલાઈ, 2022 છે. ઉક્ત વિગતો આપના તાબાની તમામ માધ્યમિક અને ઉચ્ચતર શાળાઓને મોકલી આપશો.

**(બી. એન. રાજગોર)**
સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

બિડાણ : ઉપર મુજબ

**નકલ સવિનય રવાના :**
- માન. અધ્યક્ષશ્રી, ગુ.મા.અને ઉ.મા.શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

નકલ રવાના જાણ સારુ.
- સેક્શન અધિકારીશ્રી, શિક્ષણ વિભાગ, છ-શાખા, સચિવાલય, ગાંધીનગર

**યોગસાધના થકી જ વાસ્તવિક જ્ઞાનપ્રાપ્તિ થાય છે. યોગ જ ધર્મનું લક્ષણ છે અને યોગ જ પરમ તપ છે.**

બિન સરકારી ગ્રાન્ટેડ માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક મહિલા કર્મચારીઓને પ્રસૂતિ રજા મંજૂર કરવા બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક : બમશ/1013/174/ગ
સચિવાલય, ગાંધીનગર
તા.31-05-2022

**વંચાણે લીધા :**

1) વિભાગનો તા.21-03-2017નો ઠરાવ ક્રમાંક : બમશ/1013/174/ગ.
2) નાણા વિભાગનો તા.16-02-2006નો ઠરાવ ક્રમાંક : ખરચ/2002/57/ઝ.1.
3) સામાન્ય વહીવટ વિભાગનો તા.30-06-2015નો પરિપત્ર ક્રમાંક : સીઆરઆર/11/2015/470367/ગ.૫.
4) નાણા વિભાગનો તા.10-06-2014નો પરિપત્ર ક્રમાંક : રજઅ/102014/યુઓ-2/પી.
5) શિક્ષણ વિભાગનો તા.28-01-2008નો ઠરાવ ક્રમાંક : બમશ/1106/1422/ગ.
6) કમિશનરશ્રી શાળાઓની કચેરીનો તા.17-01-2022નો પત્રક્રમાંક : ઘ/માન્ય/અનદ-1/2022/858.

**આમુખ :**

વિભાગના તા.21-03-2017ના વંચાણે લીધા ક્રમાંક(1) સામેના ઠરાવથી રાજ્યની બિન સરકારી અનુદાનિત માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષણ સહાયકો, વહીવટી સહાયકો તથા સાથી સહાયકો તરીકે માન્ય ભરતી પદ્ધતિ દ્વારા ફિક્સ પગારથી નિમણૂક પામેલ મહિલા કર્મચારીઓ તેમજ નિયમિત શૈક્ષણિક અને બિન શૈક્ષણિક મહિલા કર્મચારીઓને તા.13-11-2014 થી 180 દિવસની પ્રસૂતિ રજાનો લાભ આપવામાં આવેલ છે. સામાન્ય વહીવટ વિભાગના તા.30-06-2015ના વંચાણે લીધા ક્રમાંક (3) સામેના પરિપત્રથી નાણા વિભાગના તા.16-02-2006 તથા સામાન્ય વહીવટ વિભાગના તા.04-06-2009ના ઠરાવોની શરતોને આધીન તથા ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, 1967ના નિયમ-9(એ)ની જોગવાઈ હેઠળ નિમણૂક પામેલ કર્મચારીને નાણા વિભાગના તા.10-06-2014ના ઠરાવની સૂચના અને ગુજરાત મુલ્કી સેવા (રજા નિયમો) 2002ની જોગવાઈ મુજબ પ્રસૂતિ રજા મળવાપાત્ર થશે તથા કરારીય સમયગાળો પૂર્ણ કરતી વેળાએ આ પ્રસૂતિ રજા જેટલો સમયગાળો કરારીય સમયગાળામાં ઉમેરવાનો રહેશે નહિ તેવી સ્પષ્ટતા કરવામાં આવેલ છે. વિભાગના તા.21-08-2008ના વંચાણે લીધા ક્રમાંક(5) સામેના ઠરાવથી રાજ્યની બિન સરકારી અનુદાનિત માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં તા.16-02-2006 બાદ કરવામાં આવેલ તમામ સહાયકોની નિમણૂકોમાં નાણા વિભાગના તા.16-02-2006ના ઠરાવની બોલીઓ અને શરતો લાગુ પાડવામાં આવેલ છે.

કમિશનરશ્રી શાળાઓની કચેરી દ્વારા તા.17-01-2022ના વંચાણે લીધા ક્રમાંક(6) સામેના પત્રથી રાજ્યની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ફિક્સ પગારથી નિમણૂક પામેલ મહિલા કર્મચારીઓને ફિક્સ પગારનો સમયગાળો પૂર્ણ કરતી વેળાએ પ્રસૂતિ રજાઓનો સમયગાળો ફિક્સ પગારની નોકરીમાં ઉમેર્યા વગર નિયમિત પગારમાં સમાવવા દરખાસ્ત કરેલ હતી. આ બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ :**

પુખ્ત વિચારણાને અંતે, રાજ્ય બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં તા.16-02-2006 બાદ નિમણૂક પામેલ તમામ સહાયકો કે જેઓની નિમણૂક નાણા વિભાગના વંચાણે લીધા ક્રમાંક(2) સામેના તા.16-02-2006ના ઠરાવની બોલીઓ અને શરતો મુજબ થયેલ છે, તેવા સહાયકોનો કરારીય સમયગાળો પૂર્ણ કરતી વેળાએ પ્રસૂતિ રજા જેટલો સમયગાળો કરારીય સમયગાળામાં ઉમેર્યા સિવાય પૂરા પગારમાં સમાવવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સરકારશ્રીની તા.11-05-2022ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(જે. એચ. હેડંબા)**
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ

**નકલ સવિનય રવાના :**

- માન.મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી (શિક્ષણ)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-1, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી(શિક્ષણ)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-2, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી(ખર્ચ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- કમિશનરશ્રી, શાળાઓની કચેરી, બ્લોક નં.9/1, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર
- ઍકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ
- નિવાસી ઑડિટ અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ
- તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ (કમિશનરશ્રી શાળાઓની કચેરી મારફતે)
- સેક્શન અધિકારીશ્રી, ગ.1/છ શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સિસ્ટમ મૅનેજરશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર (આ ઠરાવ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવાની વિનંતી સહ)
- ના.સે.અ.સિલેક્ટ ફાઈલ.
- સિલેક્ટ ફાઈલ

**અનુભૂતિ, અનુષ્ઠાન અને આચરણ - એ ત્રણેય ધર્મનાં પ્રાણ છે. - સ્વામી પ્રણવાનંદજી**

ક્રમાંક : મઉમશબ/સંશોધન/2022/3629-67
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-10/બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.03-06-2022

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (તમામ)
ગુજરાત રાજ્ય

**વિષય :** શૈક્ષણિક વર્ષ 2021-22માં ધોરણ-9 અને ધોરણ-11માં નાપાસ થયેલ વિદ્યાર્થીઓનો રી-ટેસ્ટ લેવા બાબત.
**સંદર્ભ :** અત્રેની ફાઇલ પર મળેલ સરકારશ્રીની મંજૂરી અન્વયે.

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે કોવિડ-19ની પરિસ્થિતિમાં શૈક્ષણિક વર્ષ 2021-22 માં ધોરણ-9 અને ધોરણ-11 માં નાપાસ થયેલ વિદ્યાર્થીઓનો શાળાકક્ષાએ રી-ટેસ્ટ લેવા બાબતે અત્રેની કચેરીને રજૂઆતો મળેલ હતી. જે અન્વયે ઉક્ત બાબતે અત્રેની ફાઇલ પર સરકારશ્રી દ્વારા વિદ્યાર્થીઓના શૈક્ષણિક હિતમાં મંજૂરી આપવામાં આવેલ છે. જેથી શૈક્ષણિક વર્ષ 2021-22 માટે ધોરણ-9 અને ધોરણ-11માં નાપાસ થયેલ વિદ્યાર્થીઓને પરીક્ષા આપવા માટે વધુ એક તક આપવામાં આવે છે.

શૈક્ષણિક વર્ષ 2021-22માં ધોરણ-9 અને ધોરણ-11માં નાપાસ થયેલા વિદ્યાર્થીઓનો રી-ટેસ્ટ તા.13-06-2022 થી શાળાઓ ખૂલ્યા પછી શાળાકક્ષાએ લેવાનો રહેશે. આ રી-ટેસ્ટનો કાર્યક્રમ તેમજ પ્રશ્નપત્રો શાળાકક્ષાએ તૈયાર કરવાના રહેશે. આ અંગેની જરૂરી કાર્યવાહી આપના તાબાની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ દ્વારા કરવામાં આવે તે માટે આપની કક્ષાએથી જાણ કરશો.

**(બી. એન. રાજગોર)**
સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

**નકલ સવિનય રવાના :**

- માન. અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

**નકલ રવાના :**

- સચિવશ્રી, ગુ.મા. અને ઉ.મા.શિક્ષણ બોર્ડ, ગાંધીનગર
- નાયબ નિયામકશ્રી, પરીક્ષા (સા.પ્ર./વિ.પ્ર.), ગુ.મા. અને ઉ.મા.શિક્ષણ બોર્ડ, ગાંધીનગર
- પરીક્ષા સચિવશ્રી, SSC, ગુ.મા. અને ઉ.મા.શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

**દસમાંથી નવ કામ નિષ્ફળ નીવડે છતાં સફળ બનવું હોય તો કામને દસગણું વધારી દો.**

**અગત્યનું**
**<u>ધોરણ-11 (વિ.પ્ર.) પ્રવેશ</u>**

ક્રમાંક : મઉમશબ/સંશોધન/2022/3733-67
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-10/બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.07-06-2022

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (તમામ)
ગુજરાત રાજ્ય

**વિષય :** શૈક્ષણિક વર્ષ 2022-23 માં ધોરણ-11 (વિજ્ઞાન પ્રવાહ)માં પ્રવેશ અંગે.
**સંદર્ભ :** અત્રેની કચેરીનો પત્રક્રમાંક : મઉમશબ/સંશોધન/2019/2200-36, તા.19-06-2019

ઉપરોક્ત વિષય અન્વયે અત્રેની કચેરીના સંદર્ભ દર્શિત પત્રથી ધોરણ-11 (વિજ્ઞાન પ્રવાહ)માં પ્રવેશ આપવા અંગે જરૂરી સૂચનાઓ આપવામાં આવેલ છે. શૈક્ષણિક વર્ષ 2022-23માં ધોરણ-11 (વિજ્ઞાન પ્રવાહ)માં વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા માટે ઉક્ત સંદર્ભ દર્શિત પત્રથી આપવામાં આવેલ સૂચનાઓનું પાલન કરવાનું રહેશે. તા.19-06-2019ના અત્રેના પત્રની નકલ આ સાથે સામેલ છે.

આ ઉપરાંત, શૈક્ષણિક વર્ષ 2022-23 થી ધોરણ-11 (વિજ્ઞાન પ્રવાહ)માં વિદ્યાર્થીઓને પ્રવેશ આપતી વખતે શિક્ષણ વિભાગના તા.02-12-2021 ઠરાવ ક્રમાંક : મશબ/1119/857/છ થી જણાવ્યા મુજબ નીચેની બાબત ધ્યાને લેવાની રહેશે.

1. જે વિદ્યાર્થીઓ ધોરણ-10 ગણિત બેઝિક સાથે પાસ કરેલ હોય તે ધોરણ-11માં વિજ્ઞાન પ્રવાહમાં " B " ગ્રુપમાં પ્રવેશ મેળવી શકશે પરંતુ "A" અથવા "AB" ગ્રુપમાં પ્રવેશ મેળવી શકશે નહિ.
2. ધોરણ-10માં ગણિત બેઝિકમાં પાસ થનાર વિદ્યાર્થી જો ધોરણ-11 વિજ્ઞાન પ્રવાહમાં "A" અથવા "AB" ગ્રુપમાં પ્રવેશ મેળવવા માંગતો હોય તો જુલાઈ માસની પૂરક પરીક્ષા દરમ્યાન ગણિત સ્ટાન્ડર્ડની પરીક્ષા પાસ કરી ધોરણ-11 વિજ્ઞાન પ્રવાહમાં "A" અથવા "AB" ગ્રુપમાં પ્રવેશ મેળવી શકશે.

ઉપરોક્ત વિગતો ધ્યાને લઈને શૈક્ષણિક વર્ષ 2022-23માં ધોરણ-11 (વિજ્ઞાન પ્રવાહ)માં પ્રવેશ અંગે જરૂરી કાર્યવાહી કરવા માટે આપના તાબાની તમામ ઉચ્ચતર માધ્યમિક (વિજ્ઞાન પ્રવાહ)ની શાળાઓને સૂચના આપશો.

**(બી. એન. રાજગોર)**
સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

બિડાણ : ઉપર મુજબ

**નકલ સવિનય રવાના :**

- માન. અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

**અવિવેકી પુત્ર, કુલક્ષણા નારી, ઈર્ષાખોર પાડોશી અને ચુગલીખોર મિત્ર**
**- આ ચારને હંમેશાં દૂર જ રાખવા જોઈએ. - સુભાષિત**

**અગત્યનું**

ક્રમાંક : મઉમશબ/સંશોધન/2019/2200-36
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-10/બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.19-06-2019

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (તમામ)
ગુજરાત રાજ્ય

**વિષય** : ઉચ્ચતર માધ્યમિક ધોરણ-11 (વિજ્ઞાન પ્રવાહ)માં શૈક્ષણિક સત્ર જૂન-2019 થી પ્રવેશ અંગે.
**સંદર્ભ** : 1. શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક : ઉમશ-1197-1203-ગ-1, તા.10-06-97.
2. શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક : મશબ-2000-1049-છ, તા.30-05-2000.
3. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડનો પત્ર ક્રમાંક : મઉમશબ/સંશોધન/બઢતી/26250, તા.24-05-2004
4. શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક : પરચ/102019/129/2, તા.08-03-2019.
5. સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ ઠરાવ ક્રમાંક : EWS/122019/45903/A, તા.23-01-2019

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના તા.24-05-2004ના પત્રથી રાજ્યની સરકારી તેમજ સહાયક અનુદાન મેળવતી ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ધોરણ-11 વિજ્ઞાનપ્રવાહમાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા અંગે શાળાઓને અનુસરવાની કાર્યવાહી અંગેના નિયમો મુકરર કરવા બાબતે જરૂરી સૂચનાઓ આપવામાં આવેલ છે.

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા.23-01-2019ના ઠરાવની જોગવાઈ મુજબ હાલની સૂચનાઓમાં ફેરફાર કરી નીચે દર્શાવ્યા મુજબ સૂચનાઓ આપવામાં આવે છે.

ધોરણ-11 વિજ્ઞાન પ્રવાહના પ્રવેશ માટેની યાદી તૈયાર કરતી વખતે ત્રણ મુખ્ય વિષયો (ગણિત, વિજ્ઞાન અને અંગ્રેજી (પ્રથમ ભાષા/દ્વિતીય ભાષા)માં મેળવેલ ગુણને ધ્યાનમાં લઈ પ્રવેશ યાદી (મેરીટ યાદી) બનાવવી. તેમજ નીચે દર્શાવ્યા પ્રમાણે જગ્યાઓની બેઠકનું વર્ગીકરણ કરવાનું રહેશે.

| ક્રમ | જગ્યાની વિગત | બેઠકની સંખ્યા |
|---|---|---|
| 1 | અનુસૂચિત જાતિ (7 %) | 05 |
| 2 | અનુસૂચિત જનજાતિ (15 %) | 11 |
| 3 | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (27 %) | 20 |
| 4 | આર્થિક રીતે નબળા વર્ગો (EWS) (10 %) | 08 |
| 5 | પોતાની શાળા | 25 |
| 6 | અન્ય શાળાના (જે શાળામાં ધો.11 વિજ્ઞાન પ્રવાહ ન હોય તેવી શાળાના ધો.10 પાસ વિદ્યાર્થીઓ માટે) | 06 |
| | **કુલ** | **75** |

ઉક્ત જોગવાઈ ફક્ત ધોરણ-11 વિજ્ઞાન પ્રવાહના પ્રવેશ માટે જ લાગુ પાડવાની રહેશે.

**(ડી. એસ. પટેલ)**
સચિવ
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

**નકલ સવિનય રવાના :**

- માન. અધ્યક્ષશ્રી, ગુ.મા.અને ઉ.મા.શિક્ષણ બોર્ડ, ગાંધીનગર
- ખાસ ફરજ પરના અધિકારીશ્રી, ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ, ગાંધીનગર
- નાયબ નિયામક (પરીક્ષા), (વિજ્ઞાન પ્રવાહ અને સામાન્ય પ્રવાહ)

**માતા, પિતા, પ્રભુ અને યોગ્ય ગુરુજીને પગે લાગવાથી આયુષ્ય, વિદ્યા અને યશ વધે છે. - વિદૂર**

ક્રમાંક : મઉમશબ/સંશોધન/2022/8534-72
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-10/બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.14-06-2022

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (તમામ)
ગુજરાત રાજ્ય.

**વિષય :** ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમ-1974ના વિનિયમ-12(9)(ક)માં સુધારા બાબત.
**સંદર્ભ :** ગુજરાત સરકાર શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંક : મશબ/112022/93/છ, તા.07-06-2022

ઉપરોક્ત વિષયના અનુસંધાનમાં જણાવવાનું કે સંદર્ભદર્શિત શિક્ષણ વિભાગના ઠરાવથી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો-1974ના વિનિયમ ક્રમાંક : 12(9)(ક)માં હાલની જોગવાઈને બદલે સુધારેલ જોગવાઈને સરકારશ્રી દ્વારા મંજૂરી આપવામાં આવેલ છે. ઉક્ત ઠરાવની નકલ આ સાથે સામેલ છે. જે આપના તાબા હેઠળની તમામ માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક શાળાઓને આપની કક્ષાએથી જાણ તથા અમલ સારુ મોકલી આપશો.

**(બી. એન. રાજગોર)**
સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

બિડાણ : ઉપર મુજબ

**નકલ સવિનય રવાના :**
- માન. અધ્યક્ષશ્રી, ગુ.મા.અને ઉ.મા.શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

**નકલ રવાના :**
- સચિવશ્રી, ગુ.મા.અને ઉ.મા.શિક્ષણ બોર્ડ, ગાંધીનગર
- નાયબ નિયામકશ્રી, પરીક્ષા (સા.પ્રા./વિ.પ્ર.), ગુ.મા. અને ઉ.મા.શિક્ષણ બોર્ડ, ગાંધીનગર
- પરીક્ષા સચિવશ્રી (ssc), ગુ.મા.અને ઉ.મા.શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા બાયસેગના માધ્યમથી 'વંદે ગુજરાત' ચેનલ નં. 9 થી 12 પરથી પ્રસારિત થતા ધોરણ-9 થી 12ના મુખ્ય વિષયોના શૈક્ષણિક કાર્યક્રમના સમયપત્રકની વિગતો દર મહિને બોર્ડની વેબસાઈટ **www.gseb.org** પર મૂકવામાં આવશે. જેની સંબંધિત સૌએ નોંધ લેવા વિનંતી.

**"કોઈની સાથે અતિ મમત્વ રાખવું નહિ અને કોઈને અતિ મહત્ત્વ આપવું નહિ."**
**- આ જીવનમાં સુખી થવાની ગુરુચાવી છે.**

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર
માધ્યમિક શિક્ષણ વિનિયમ-1974ના
વિનિયમ-12(9)(ક)માં સુધારો કરવા બાબત

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક :મશબ/112022/93/છ
સચિવાલય,ગાંધીનગર
તા.07-06-2022

**વંચાણે લીધા :**

(1) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડનો તા.10-01-2022નો પત્રક્રમાંક : મઉમશબ/સંશોધન/2022/190-191

**આમુખ :**

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના વંચાણે લીધા ક્રમાંક(1) સામેના તા.10-01-2022ના પત્રથી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમ-1974ના વિનિયમ ક્રમાંક-12(9)(ક)માં સુધારો કરવા દરખાસ્ત કરેલ હતી. આ બાબત સરકારશ્રીની વિચારણ હેઠળ હતી.

**ઠરાવ :**

પુખ્ત વિચારણાને અંતે, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમ-1974ના વિનિયમ ક્રમાંક-12(9)(ક)માં આ સાથેના પત્રકના કોલમ-3માં દર્શાવેલ હાલની જોગવાઈને બદલે કોલમ-4 માં દર્શાવ્યા મુજબની સુધારેલ જોગવાઈને આથી મંજૂરી આપવામાં આવે છે.

આ ઠરાવ સરખા ક્રમાંકની ફાઈલ પર સરકારશ્રીની તા.19-05-2022ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

**(ડી.એમ. પઠાણ)**
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ

**નકલ રવાના :**

- માન.મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી (શિક્ષણ)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-1, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી (શિક્ષણ)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-2, સચિવાલય, ગાંધીનગર
- કમિશનરશ્રી, શાળાઓની કચેરી, બ્લોક નં.9/1, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર
- તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ (કમિશનરશ્રી શાળાઓની કચેરી મારફતે)
- સેક્શન અધિકારીશ્રી, ગ/ગ.1 શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સિસ્ટમ મેનેજરશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર (આ ઠરાવ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવાની વિનંતી સહ.)
- ના.સે.અ. સિલેક્ટ ફાઈલ.
- સિલેક્ટ ફાઈલ.

**આ દુનિયા એક બહુ જ મોટી વ્યાયામશાળા છે,**
**જ્યાં આપણે પોતાને મજબૂત કરવા આવીએ છીએ. - સ્વામી વિવેકાનંદ**

**પત્રક**

**શિક્ષણ વિભાગના તા. 7/6/2022ના ઠરાવ ક્રમાંક :મશબ/112022/93/છ સાથેનું પત્રક**

| ક્રમ | વિનિયમ ક્રમાંક | હાલની જોગવાઈ | સુધારેલ જોગવાઈ |
|---|---|---|---|
| (1) | (2) | (3) | (4) |
| 1 | 12(9)(ક) | અન્ય કોઈ રાજ્યમાં સંઘ રાજ્ય ક્ષેત્રમાં આવેલી શાળામાંથી આવતા વિદ્યાર્થીને જો વિદ્યાર્થીના શાળા છોડ્યાના પ્રમાણપત્ર ઉપર તે રાજ્ય કે સંઘ રાજ્યક્ષેત્રના શિક્ષણ અધિકારીએ સામી સહી કરી હોય તો જ રજિસ્ટર થયેલી શાળામાં તેને દાખલ કરી શકાશે.<br>પરંતુ શાળાના છોડ્યાના પ્રમાણપત્ર ઉપર તેવી રીતે સામી સહી કરી કરેલી ન હોય, ત્યારે શાળાના વડા આવી સામી સહી કરવામાં ન આવે ત્યાં સુધી વિદ્યાર્થીને કામચલાઉ ધોરણે દાખલ કરી શકશે. એ કેસની પૂરી વિગતોનો અધિકારીને રિપોર્ટ કરી શકાશે. | અન્ય કોઈ રાજ્યમાં સંઘ રાજ્ય ક્ષેત્રમાં આવેલી શાળામાંથી આવતા વિદ્યાર્થીને જો વિદ્યાર્થીના શાળા છોડ્યાના પ્રમાણપત્ર ઉપર તે રાજ્ય કે સંઘ રાજ્યક્ષેત્રના શિક્ષણ અધિકારીએ સામી સહી કરી હોય તો જ રજિસ્ટર થયેલી શાળામાં તેને દાખલ કરી શકાશે.<br>પરંતુ શાળાના છોડ્યાના પ્રમાણપત્ર ઉપર તેવી રીતે સામી સહી કરેલી ન હોય, ત્યારે શાળાના વડા આવી સામી સહી કરવામાં ન આવે ત્યાં સુધી વિદ્યાર્થીને કામચલાઉ ધોરણે દાખલ કરી શકશે. એ કેસની પૂરી વિગતોનો અધિકારીને રિપોર્ટ કરી શકાશે.<br>"ધોરણ-11માં પ્રવેશ સંદર્ભે ભારતના અન્ય બોર્ડમાંથી આવતા વિદ્યાર્થીઓએ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર શિક્ષણ બોર્ડના 'પ્રવેશ યોગ્યતા પ્રમાણપત્ર' મેળવવા બાબતના વખતોવખતના પરિપત્રો અન્વયે 'પ્રવેશ યોગ્યતા પ્રમાણપત્ર' માટે યોગ્ય જાહેર કરવામાં આવેલ હોય તેવા બોર્ડનો વિદ્યાર્થી હોવો જોઈએ તેમજ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના વિષયમાળખા મુજબ ગણિત, વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન તેમજ અંગ્રેજી વિષય સાથે ધોરણ-10 પાસ કરેલ હોય તો જ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની માન્યતા ધરાવતી શાળાઓમાં ધોરણ-11માં પ્રવેશ આપી શકાશે."<br>ઓપન સ્કૂલ તરીકે સમગ્ર દેશમાં NIOS નું કાર્યક્ષેત્ર હોય, NIOS સિવાયના અન્ય રાજ્યના Open બોર્ડના વિદ્યાર્થી તરીકે ગુજરાત રાજ્યમાં વસવાટ કરતા વિદ્યાર્થી અન્ય રાજ્યના Open બોર્ડની ધોરણ-10ની પરીક્ષા ઉત્તીર્ણ કરે તોપણ તેને ધોરણ-11માં પ્રવેશ માટે યોગ્ય ગણાય નહિં, કારણ કે અન્ય રાજ્યના Open બોર્ડનું કાર્યક્ષેત્ર સંબંધિત રાજ્ય માટે જ હોય છે. જેથી Open બોર્ડમાં માત્ર NIOS ને જ માન્ય ગણવાનું રહેશે. |

**ત્રણ વાનાં મુજને મળ્યાં : હૈયું, મસ્તક, હાથ,**
**બહુ દઈ દીધું નાથ ! જા, ચોથું નથી માગવું. - ઉમાશંકર જોશી**